તા. ૧૯-૭-૪૪

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૧ મું.

અંક ૧૨ મો.

સંવત ૨૦૦૦

અશાડ : જુલાઈ.

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી વાસુપૂજ્ય સ્તવન ... | ... ૨૨૯ | ૭. समयं मा पमाए ... | ... ૨૩૯ |
| ૨. मयुरान्योक्ति ... | ... ૨૩૦ | ૮. અમર આત્મમંથનં ... | ... ૨૪૧ |
| ૩. આત્મમિાંસા... ... | ... ૨૩૧ | ૯. વાસુદેવ બળદેવના ૨૨ દ્વારોનું વર્ણન | ૨૪૩ |
| ૪. ભજન ... ... | ... ૨૩૪ | ૧૦. નિદ્રા ... ... | ... ૨૪૫ |
| ૫. ભવસ્વરૂપ ચિંતવન ... | ... ૨૩૫ | ૧૧. મનનીય ... ... | ... ૨૪૬ |
| ૬. ક્ષમાના ભંડાર ... | ... ૨૩૭ | ૧૨. વાર્ષિક અનુક્રમણિકા ... | ... છેવટ |


## નવા થયેલા માનવંતા સભાસદો

૧ મહેતા કાન્તિલાલ રતનચંદ પાલણપુર લાઇફ મેમ્બર

## અમારા માનવંતા ગ્રાહકોને ૪૧-૪૨ વર્ષની ભેટ બુકો:—

આવતા શ્રાવણ માસથી આત્માનંદ પ્રકાશ માસિક ૪૨ મા વર્ષમાં પ્રવેશ કરે છે, તેનું કદ મોટું, સુંદર ટાઈટલ અને વિદ્વાનોના વિદ્વતાભરેલા લેખોવડે નિયમિત પ્રગટ થાય છે. ભયંકર ચાલતી લડાઇને લઇને કાગળો, છપાઇ વગેરેની સખ્ત મોંઘવારી હોવા છતાં લવાજમ નહિ વધારતા ચાલુ લવાજમ જ લેવામાં આવે છે.

### ભેટના ગ્રંથો

૧ **સંવેગદ્રુમકંદલી**—મૂળ તથા ભાષાંતર સાથે. મનનીય ઉપદેશક ગ્રંથ.
૨ **સમ્યક્ત્વ સ્વરૂપ**—તેના ગુણ, મૂળોત્પત્તિ, સ્વરૂપ અને વિવિધ ભેદો બતાવનાર ગ્રંથ.
૩ **સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન પૂજા**—આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીકૃત સુંદર રાગરાગિણી સહિત જેની પાછળ પરિશિષ્ટ તરીકે સંક્ષિપ્તમાં અર્થ આપેલા છે.
૪ **શ્રી નવપદજી તથા દશયતિધર્મની પૂજા**-સ્તવનો સહિત. પંન્યાસજી શ્રી ગંભીરવિજજીકૃત.

ઉપરોક્ત ચારે બુકો બે વર્ષના લવાજમના રૂા. ૩-૮-૦ તથા તે બુકોના પોસ્ટ ખર્ચના રૂા. ૦-૩-૦ મળી રૂા. ૩-૧૧-૦ મનીઑર્ડરથી મળ્યા બાદ ભેટની બુકો પોસ્ટદ્વારા મોકલવામાં આવશે. મનીઑર્ડરથી લવાજમ નહિ મોકલનારને વી. પી. અને પોસ્ટ ખર્ચના રૂા. ૦-૬-૦ મળી કુલ રૂા. ૩-૧૪-૦ નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા નમ્ર સૂચના છે. કોઇપણ કારણે વી. પી. પાછું મોકલી જ્ઞાનખાતાને નુકસાન નહિ કરવા નમ્ર સૂચના છે. વી. પી. નહિ લેનાર બંધુએ અમોને પ્રથમથી લખી જણાવવું.

**શ્રાવણ શુદિ ૬ થી ભેટની બુકો, અગાઉથી લવાજમ નહિ આવેલ હશે તે ગ્રાહક બંધુને વી. પી. થી મોકલવામાં આવશે.**

For Private And Personal Use Only

# શ્રી આત્માનંદ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક : ૪૧ મું : | આત્મ સં. ૪૮ | વિક્રમ સં. ૨૦૦૦ : અષાઢ : |
| અંક : ૧૨ મો : | વીર સં. ૨૪૭૦ | ઇ. સ. ૧૯૪૪ : જુલાઇ : |


## શ્રી વાસુપૂજ્ય સ્તવન.

( રખીયાં બંધાવો ભૈયા...એ રાગ )

નંદન વસુપૂજ્ય કેરા અમને ઉગારો રે—ટેક.

ક્ષણ ક્ષણ તુજ નામ ભાવે, પરમાનંદે ઝીલાવે;
જયાસુત સ્મરણે આવે, ભવમાંથી તારો રે. નંદન ૧

જીવન વીતો તુજ સ્મરણે, મુક્તિ માનું તુજ ચરણે;
સેવકને રાખો શરણે, દુઃખથી ઉદ્ધારો રે. નંદન ૨

મનમંદિરમાં પધરાવું, પ્રેમે તુજ ગુણને ગાઉં;
ઉરના ઝુલે ઝુલાવું, મુજને તું પ્યારો રે. નંદન ૩

દુનિયામાં મન ના લાગે, ઉરમાં તુજ મંત્રો જાગે;
મુજને સંસાર લાગે અતિશે અકારો રે. નંદન ૪

દર્શન વિણ તૃપ્તિ ન થાયે, ઉર બંસી ગીતો ગાયે;
મીઠો અમૃતરસ પાયે, સ્મૃતિ ફુવારો રે. નંદન ૫

જન્મ ને મૃત્યુ ટાળો, પાપોને મૂળથી બાળો;
સેવકને પ્રેમથી પાળો, ઝાલો કર મારો રે. નંદન ૬

વાસુપૂજ્યે મન લાગ્યું, ભાવે અજિતપદ માગ્યું;
**હેમેન્દ્ર** મનડું જાગ્યું, વાગ્યા ઉર તારો રે. નંદન ૭

રચયિતા : **મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मयुरान्योक्ति ।

( वसन्ततिलका वृत्त )

**अस्मान्विचित्र वपुषस्तव पृष्ठलग्नान्, कस्माद्विमुञ्चति भवान्यदि वा विमुञ्च।**
**रे ! नीलकंठ गुरुहानिरियं तवैव, मौलौ पुनः क्षितिभृतो भविता स्थितिर्नः ॥**

**શાણા વિચારક વાચક બન્ધુઓ !**

આ મયુરના દૃષ્ટાંતથી કવિ શું સૂચવે છે, તે લક્ષપૂર્વક વિચારો અને હૃદયસ્થ કરો—

કુદરતનિર્મિત અતિ રમ્ય અને આકર્ષક લાગતાં મયુરપિછની મનોહરતા તો વિશ્વવિદિત છે. મયુરોનો સાચો શણગાર જ એ વડે જ મયુરો લલિત કળાધર કહેવાય છે, અર્થાત્ મયુરોની સૌંદર્યતાનું એ અમૌલિક સાધન છે.

એક સમયે એક દશ્ય એવું બન્યું કે:-મયુરે પોતાનાં પિછાં-અંગ પરથી ઉતારી નાખવાંની તૈયારી કરી, એ જ વખતે પિછાં ઉંડો વિચાર કરવા લાગ્યાં કે આ મયુરરાજે આ શો અવળો ઉદ્યમ આદર્યો ! શું એ આપણા ઉદ્‌ભવસ્થાનને આટલોએ વિચાર નહીં આવતો હોય કે આ પિછાં મારા શરીરજન્ય છે, મારાં આશ્રિત છે, આજ સુધીમાં અમો પરસ્પરના સહયોગે આખાય વિશ્વને આનંદ સાથે આશ્ચર્ય પમાડી રહ્યાં છીએ. ! ! !

આવો ગંભીર વિચાર કરી પિછાંઓ લાગણીપૂર્વક મયુરરાજને વિનંતી કરવા લાગ્યાં કે ઓ ! અમારા ઉત્પાદક ? આ શું કરો છો ? વિચાર તો કરો કે:—

અમો સૌંદર્યભર્યાં છીએ, અને અમો સૌ આપની પાછળ લાગેલાં જ છીએ ( આશ્રિત છીએ ) માટે અમને તમારા અંગથી ઉતારી ન નાખો-જૂદાં ન પાડો ! એટલું નમ્રભાવે માગીએ છીએ તે સ્વીકારો ! કેમકે આપણે પરસ્પર સહાયથી જ રમ્યતા ધરીએ છીએ, જુઓને “ સિંહ તથા વન; માથુ અને પાઘડી; એ જ પ્રમાણે આપ અને અમો ( પિછાં ) છીએ, માટે આપણા બંનેના હિત માટે પુનઃ વિનતિ કરીએ છીએ કે, હે મયુરાજ ! અમારો ત્યાગ ન કરો ! ! !

આટલી બધી આર્જવતાભરી વિનતિ કર્યા છતાં જ્યારે મયુરે પોતાનો હઠ ન જ છોડ્યો ત્યારે પિછાંઓએ છેવટના ખરા શબ્દો સંભળાવી દીધા કે:-હે નીલકંઠ ! આ તમારા સાહસથી ખરી હાની તો તમને જ છે, કેમકે જ્યારે તમે અમને તમારા અંગથી જૂદાં કર્યા ત્યારે નિશ્ચયપૂર્વક સમજશો કે, અમારા ગ્રાહક તો અનેક છે, તમે અમને છૂટાં કર્યાં કે તરત જ અમે તો રાજા-મહારાજાના મુગટમાં કે કોઇ પવિત્ર દેવસ્થાનમાં માનપૂર્વક સ્થાન પામીશું જ પણ હે મોર ! તું તો **બાંડો** કહેવાઇશ ! હવે બસ ! કિમધિકમ્.

વ્હાલા વાંચનારાઓ આ **કદરદાની**ની અન્યોક્તિ છે. દુનિયાના વહેવારમાં, રાજ્યકાર્યમાં, દેવકાર્યમાં, જ્યાં સૂક્ષ્મતાથી જોઇ શકવાનું આવશ્યક છે, ત્યાં આ અન્યોક્તિ સુવર્ણાક્ષરે લખી રાખવા જેવી સદ્‌બોધક છે.

**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મમીમાંસા

લેખક : આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જે કાળે જે ઉદયમાં આવ્યું હોય તે વેદવું જ પડે છે. પછી તે આત્માને ગમે કે ન ગમે પણ ભોગવ્યા સિવાય છૂટકો જ નથી. સારાનો ઉદય સઘળાયે વાંછે, છતાં નબળું ઉદયમાં આવે અને તે અનીચ્છાએ પણ ભોગવવું પડે.

સુખ તથા દુઃખના વિકારો દેહમાં થાય છે. આત્મા તો અવિકારી છે. છતાં અનાદિકાળના કર્મસંયોગથી આત્મા પોતાનામાં સુખદુઃખનો આરોપ કરે છે. આ આરોપ કરવાની ટેવને લઈને આત્મા કર્મથી છૂટી શકતો નથી. કર્મથી છૂટી જવારૂપ મુક્તિ મેળવવાની ઈચ્છાવાળા આત્માઓએ દેહ તથા આત્માની ભિન્નતારૂપ સમ્યક્ત્વને મેળવી તેને દ્રઢ કરવા નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.

જેમ બીજાના ઘરમાં આગ લાગે તો આપણને હર્ષ કે શોક થતો નથી અને બીજાનું ઘર બળે છે તેમાં મારે શું? એવી ભાવના તથા શ્રદ્ધા આપણી વૃત્તિમાં શાંતિ જાગ્રત કરે છે, તેવી જ રીતે દેહમાં થવાવાળા વિકારોમાં ભેદભાવનાનું ચિંત્વન આત્મા કરે તો દેહમાં થતા વિકારોની અસર લેશ માત્ર પણ આત્માને થઈ શકતી નથી. આ અવસ્થાનું નામ ધર્મ સ્વરૂપ રમણતા–વિકાસ–જાગૃતિ વગેરે વગેરે કહેવાય છે.

ધર્મ એટલે અનંત આનંદ, અનંત જીવન, અનંત સુખ. દેહમાં થતા કર્મજન્ય વિકારોથી વ્યાકુળ થનાર, અનંત આનંદ, જીવન અને સુખ મેળવી શકતો નથી. પુન્યકર્મ તથા પાપકર્મ બન્ને કર્મોના વિકારો દેહમાં થાય છે. જેનું બીજું નામ વિપાક ઉદય છે. આ બન્ને પ્રકારના ઉદયમાં ધર્મને ન ઓળખનાર આત્મા વ્યાકુળ થાય છે.

વ્યાકુળતા–વિષમભાવ, વિભાવ અને અવ્યાકુળતા એટલે સમભાવ, સ્વરૂપરમણતા અર્થાત્ વિકાસ–આનંદ–સુખ. પુન્યકર્મના વિકારને અનુકુળ માની રાગ કરવો અને પાપકર્મોના વિકારને પ્રતિકૂળ માની દ્વેષ કરવો તે જ વ્યાકુળતા. રાગદ્વેષથી વ્યાકુળતા થાય છે અને વ્યાકુળતાથી રાગદ્વેષ થાય છે.

આત્મા અવિકારી છે અને જડ વિકારી છે. જે આત્મા ઉપર કર્મજન્ય દેહમાં થતા વિકારોની અસર થાય છે, તે આત્મા ઉપર દેહથી ભિન્ન જડજન્ય જગતમાં થતા વિકારોની અસર થાય છે. અસર થવી એટલે કર્મજન્ય–જડજન્ય–વિકારોનો પોતાનામાં આરોપ કરવો–વિકૃતિ–મારૂં સ્વરૂપ છે. વિકારો મારામાં થાય છે–હું વિકારી છું એમ માની લેવું.

સ્ફટિક અવિકારી શુદ્ધ છે અને વિવિધ વર્ણના તાંતણા વિકારી છે. વિચિત્ર વર્ણના તાંતણાનો સંયોગ સ્ફટિક સાથે થવાથી સ્ફટિક વિવિધ વર્ણવાળું દેખાય પણ વાસ્તવિકમાં તેમ નથી. વિકારી શુદ્ધ વસ્તુમાં વિકારી અશુદ્ધ મળે તો શુદ્ધ વિકારી અશુદ્ધ બની શકે છે; કારણ કે વિકારી છે. પણ અવિકારી સ્વભાવથી શુદ્ધ વસ્તુમાં વિકારી સ્વભાવથી અશુદ્ધ ભળે તો અશુદ્ધ થઈ શકતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. કારણ કે અવિકારી છે. સ્વભાવથી શુદ્ધ છે. સ્ફટિક જેવો આત્મા અવિકારી શુદ્ધ હોવાથી વિકારી કે અવિકારી શુદ્ધ કે અશુદ્ધ વસ્તુનો સંયોગ થવા છતાં આત્મા અવિકારી શુદ્ધ જ રહેવાનો, સ્વરૂપમાં જ રહેવાનો. કોઇ પણ વિકારી વસ્તુના સંયોગથી આત્મા વિકારી બની જાય તો પછી તેનો જ્ઞાનગુણ નષ્ટ થઇ જાય. અથવા તો જે વસ્તુનો સંયોગ થયો તે જ વસ્તુના જ્ઞાનવાળો બને, તેનાથી ભિન્ન-ઇતર વસ્તુઓને જાણી શકે નહિ. જેમકે કાગળ વિકારી શુદ્ધ વસ્તુ. આરિસો–અવિકારી સ્વભાવથી શુદ્ધ વસ્તુ. કાગળ ઉપર ઘોડાનું ચિત્ર કાઢીએ તો કાગળ ઘોડાના રૂપમાં વિકૃત થઇ જાય છે. તેના ઉપર માનવીનું ચિત્ર કાઢી શકાય નહિ. અથવા તો ઘોડાના રૂપમાં વિકૃત થએલો કાગળ માનવીનું રૂપ ધારણ–ગ્રહણ કરી શકે નહિ. આરિસામાં તેમ નથી. કારણકે અવિકારી છે. તેથી નર, વાનર, ઘોડો આદિ અનેક વસ્તુઓને ગ્રહણ કરે છે, છતાં તે સ્વરૂપમાં વિકૃત થતો નથી. આત્મા પણ આરિસાની જેમ હોવાથી અનંતી વસ્તુને જાણે છે. અર્થાત્ વસ્તુમાત્રનું પ્રતિબિંબ આત્મામાં પડે છે છતાં આત્મા સ્વસ્વરૂપ બદલતો નથી. વાસ્તવિકમાં વિચાર કરીએ તો સુખ દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી. જડના વિકારોમાં ભળી વિકૃત દેખાતો જ્ઞાનનો પ્રકાશ છે. કારણકે સુખ એટલે જ્ઞાન અને દુઃખ એટલે પણ જ્ઞાન. જ્ઞાન સિવાય સુખદુઃખ જેવી ભિન્ન વસ્તુ નથી. વિકૃત દેખાતા જ્ઞાનનું નામ જ સુખદુઃખ છે. સાચું સુખ પણ શુદ્ધ જ્ઞાનને જ કહેવામાં આવે છે. શાતા વેદે છે, અશાતા વેદે છે એટલે સુખ જાણે છે, દુઃખ જાણે છે. વેદવું એટલે જાણવું. જડના વિકારોનું વિકારરૂપે જ્ઞાન તે ( સુખદુઃખ, હર્ષ, શોક, ભય, રતિ, અરતિ, હાસ્ય, રાગદ્વેષ વગેરે વગેરે વિકારોમાં વિકારરૂપે પરિણત થવાથી ) અજ્ઞાન કહેવાય છે. અને અવિકારરૂપે પરિણત થયેલું જ્ઞાન કહેવાય છે. અને જ્ઞાનનું જડજન્ય વિકારોમાં અવિકૃતપણે પરિણમન તે જ સાચું સુખ–સાચો આનંદ કહેવાય છે, તેને જ સ્વરૂપરમણતા અને મુક્તિ કહેવાય આવે છે. જ્ઞાન તે મુક્તિ અને અજ્ઞાન તે બંધન–સંસાર. જ્ઞાનમાં વિકાર એટલે જડજન્ય વિકારોમાં મારાપણું અને વિકારોમાં મારૂં નથી એવું પરિણમન તે અવિકાર. વિકાર તે અજ્ઞાન અને અવિકાર તે જ્ઞાન. અજ્ઞાન તથા જ્ઞાનમાં કેવળ એટલો જ તફાવત રહે છે. જ્ઞાન પણ જ્ઞાન છે અને અજ્ઞાન પણ જ્ઞાન છે. કારણકે જ્ઞાનનો સ્વભાવ જડના વિકારોમાં પરિણમન થવાનો છે. તેમાં વિકૃત પરિણમન તે અજ્ઞાન અને અવિકૃત પરિણમન તે જ્ઞાન. જીવન તથા મૃત્યુને માટે પણ સાચું જીવન તે અવિકૃત પરિણમેલું જ્ઞાન છે અને જ્ઞાનનું વિકૃત પરિણમન તે જ જન્મ–મૃત્યુ.

જડના વિકારોને ભોગવનાર–ભોક્તા આત્મા નથી. જડના વિકાર સ્વરૂપ ઇંદ્રિયો છે. પોતાનાથી ભિન્ન જડના વિકાર સ્વરૂપ વિષયોમાં ભલે ભળે, પરંતુ આત્માએ તો તેમાં જ્ઞાતા દૃષ્ટા તરીકે રહેવાનું છે. કારણકે આત્મા જ્ઞાતા છે, પણ ભોક્તા નથી. સ્વરૂપ ભોક્તા જાણવું તે જ્ઞાનનું અવિકૃત પરિણમન. વિષયભોગ એટલે જડના વિકારોનો જડના વિકારોની સાથે વિચિત્ર સંયોગ. આ સંયોગ સ્વરૂપ ભોગ આત્માનો હોઇ શકે નહિ. કારણકે આત્મા નિરંતર જ્ઞાનનો ભોક્તા છે. અને તે જ્ઞાન આત્માની સાથે તાદાત્મ્ય સ્વરૂપે છે; પણ સંયોગ સ્વરૂપ નથી. જ્યાં સંયોગ છે ત્યાં આત્માનું ભોક્તાપણું નથી. છતાં જાણવું, માનવું તે જ્ઞાનનું વિકૃત પરિણમન વિભાવ સ્વભાવ કહેવાય. અને જ્ઞાનનું ભોક્તાપણું માનવું તે અવિકૃત પરિણમન. વિષયોનો હું ભોક્તા છું એવો આત્મામાં આરોપ કરવો તે બંધન–સંસાર. અને હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડના વિકારોના વિચિત્ર સંયોગોનો ભોક્તા નથી તે મુક્તિ. જડના વિકારોમાં અવિકૃત જ્ઞાનનું પરિણમન તે જ કેવળજ્ઞાન, સુખ, આનંદ અને જીવન કહેવાય છે. અને તેને જ ધર્મ કહેવામાં આવે છે. કેવળજ્ઞાન સ્વરૂપ આત્મા મુક્તાત્મા કહેવાય છે. પછી તે દેહનો સંયોગી હો કે વિયોગી હો. આટલા ઉપરથી કાંઇક જાણી શકાશે કે ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, હર્ષ, શોક, આદિ શું વસ્તુ છે.

દેહધારીઓને જે ક્ષેત્રમાં જેટલા સમયની સ્પર્શના કરવાની હોય છે તે જન્મક્ષેત્રથી લઇને મૃત્યુક્ષેત્ર પર્યંત અવશ્ય કરવી પડે છે. તેની સાથે સાથે ઉદય, ઉદીરણા, બંધ અને નિર્જરા પણ થયા કરે છે. આ બધીય વ્યવસ્થા ક્રમવાર સંપૂર્ણપણે સર્વજ્ઞો જાણે છે. આપણા જેવા ઔદયિક ભાવમાં વર્તનારા અલ્પજ્ઞો અટકળ પણ કરી શકતા નથી. માનવજાતની ભાવનાઓ અને ધારણાઓ પરિવર્તનશીલ હોય છે. પણ સ્પર્શના તો અપરિવર્તનશીલ જ હોય છે. દરેક સમયની નિર્માણ થયેલી સ્પર્શના સર્વથા દેહમુક્તિ થાય ત્યાંસુધી અવશ્ય થવાની જ.

અનાદિકાળથી દેહયુક્ત આત્માએ એક એક આકાશ પ્રદેશની અનંતીવાર સ્પર્શના કરી છે, અને અનંતીવાર એક એક પ્રદેશમાં અનંતા દેહ ભોગવ્યા છે, છતાં દેહનો મોહ છૂટતો નથી. દેહને છોડવાનું મન થતું નથી. અર્થાત્ મોતની બહુ જ બીક લાગે છે. કેટલો દેહાધ્યાશ ? જ્યાં સુધી મોહનો ક્ષય અથવા ઉપશમ થાય નહીં ત્યાં સુધી જીવની દેહવાસના છૂટી શકતી નથી. અને દેહવાસનાને લઇને વારંવાર મૃત્યુ થવાનું જ. અને મૃત્યુ, જન્મ સિવાય હોય જ નહિ. જન્મ એટલે દેહસંયોગ અને મૃત્યુ એટલે દેહવિયોગ.

દેહ વગરનો આત્મા–મુક્તાત્મા કેવો હશે તે અત્યારે આપણા લક્ષ્યમાં પણ ન આવી શકે કારણ કે વાસનાગ્રસ્ત દેહ આશ્રિત જીવો ઇંદ્રિયો તથા મનની મારફત જાણવાનો પ્રયત્ન કરે છે, તે આંખ ઉપર લોઢાના ચશ્મા ચઢાવીને જોવા જેવું છે. સ્વચ્છ–આવરણરહિત આંખ સ્વતંત્રપણે જે કાંઇ જોઇ શકે છે તે લોઢાના ચશ્મા દ્વારા પરતંત્રપણે જોઇ શકતી નથી.

જ્ઞાન, સુખ, જીવન, આનંદ મેળવવામાં આત્મા સ્વતંત્ર હોવા છતાં મોહાધીન થઇને મને જડથી મળે છે, એવી અનાદિની મિથ્યા શ્રદ્ધા તેની ખશે નહી ત્યાં સુધી સમ્યક્જ્ઞાન કહેવાય નહિ. અને સમ્યકજ્ઞાન સિવાય ધર્મના નામે કરવામાં આવતા બધા પ્રયત્નો નકામા છે; માટે મોહના ઉપશમભાવથી થવાવાળી ભાવનાઓ ને ધારણાઓ જ આત્માનું હિત કરવાવાળી છે; બાકી તો ઔદયિકભાવની ભાવનાઓ અને ધારણાઓ આત્માને પરાધીન બનાવવાવાળી હોવાથી આત્માનું કાંઈપણ હિત કરી શકતી નથી, અર્થાત્ આત્માના જ્ઞાન, સુખ, જીવન અને આનંદનો આવિર્ભાવ થવા દેતી નથી.

અનંતબળી ચૈતન્યને જડ કાંઈ કરી શકે નહિ, છતાં અનેક ભવોથી પોતાનું દરેક કાર્ય જડને સોંપી દઇ પોતે પ્રમાદી બની રહ્યો છે. માટે જ ચૈતન્યને ઘણી જ વખત જડ તથા જડના વિકારોનો આશ્રય લેવો પડે છે; જેથી કરી વિકૃત ભાવોમાં અનિચ્છાથી ભળીને પોતાને દુઃખી રોગી શોકગ્રસ્ત વગેરે વગેરે માનવું પડે છે.

આત્મા, જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય જીવન શાંતિ વગેરે પોતાની વસ્તુઓ હોવા છતાં કૃત્રિમ જ્ઞાનાદિ માટે જડનો આશ્રિત બને છે. મોહની સત્તા નીચે રહેલો હોવાથી પોતાની સાચી વસ્તુઓ ગમતી નથી. બનાવટી વસ્તુઓમાં જ આનંદ માને છે, અને તે વસ્તુઓનો સંગ્રહ કરવામાં અનેક વિપત્તિઓ સહન કરે છે, પોતે તેનો ગુલામ બને છે. જડનો જરા પણ વિશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવા જેવું નથી. જડની ઉપર શ્રદ્ધા રાખનાર આત્માઓને ઘણું જ ખમવું પડે છે. આંખ ફુટી જાય, કાનનો પડદો ફાટી જાય, લકવો થઇ જાય, જલોદર, કઠોદર થઇ જાય વગેરે જડના વિલાસોમાં પ્રમાદી આત્માઓની કેવી દશા થાય છે તે આપણે જોઇએ છીએ. જડ અમને સુખ આપશે અમને જ્ઞાન આપશે અમારૂં આનંદનું સાધન મેળવી આપશે ઇત્યાદિ જડ ઉપરની શ્રદ્ધા આત્મા જ્યાં સુધી રાખી રહ્યો છે ત્યાં સુધી ખરી વસ્તુના અભાવે-પરિણામે આત્માને જડવત્ બનવું પડશે. માટે જડ ઉપરની શ્રદ્ધા કાઢી નાખવી જોઇએ. જડનો જરાયે વિશ્વાસ ન રાખતાં પોતાની વસ્તુઓનો વિકાસ કરવો જોઇએ, તો જ પરિણામે આત્માને સુખ શાંતિ મળી શકશે. કેવળજ્ઞાનીઓ વિકાસી આત્માઓ જ છે. જરાયે અશાંતિ–અસુખ કે ભય, ભલે આંખ ફુટી જાય કે પડદો ફાટી જાય, અથવા તો ગમે તેવો જડનો દુઃખદાઇ વિલાસ કેમ ન હોય, વિકાસી આત્માને કાંઇ પણ અસર થતી નથી. માટે વિકાસના માર્ગમાં જ નિરંતર પ્રયાણ કરવું એ આત્માઓને અત્યંત હિતકારી છે.

કર્મની ક્ષીણતા આત્માને અતીવ ઉપયોગી છે. સંયોગ માત્ર વિયોગાંત હોય છે. કર્મનો આત્માની સાથે સંયોગ હોય છે, માટે જ તે વિયોગવાળાં હોય છે. કર્મની નિર્જરા તે આત્મ પ્રદેશોથી કર્મનું વિખુટા પડવું-વિછડવું. અને ક્ષય તે પુદ્ગલસ્કંધોનું-કર્મપરિણતીનું ત્યાગવું. કર્મપરિણામને પ્રાપ્ત થયેલા પુદ્ગલ સ્કંધો નૂતન પુદ્ગલસ્કંધોને કર્મપરિણામી બનાવવાને આત્માની સહાયતા વડે પ્રત્યેક ક્ષણે પ્રયત્નશીલ રહે છે, ત્યારે ઉપયોગસ્થ–સ્વભાવસ્થ આત્મા સ્વશક્તિવડે કર્મપરિણામી પુદ્ગલ સ્કંધોને કર્મ વિપરિણામી બનાવવાને પ્રયત્ન કરે છે. આ પ્રમાણે ઉભય મલ્લોનું નિરંતર દ્વંદ્વ યુદ્ધ ચાલ્યા જ કરે છે. નિર્જરા ઇષ્ટ આત્મા સ્વસ્વરૂપનો ભોક્તા શીઘ્ર થઇ શકે છે. સુખ તથા દુઃખ શુભાશુભની નિર્જરા જ છે. શુભની નિર્જરા પ્રાણીઓને વધુ ઇષ્ટ હોય છે, અને અશુભની નિર્જરા કોઇક જ પ્રાણીને ઇષ્ટ હોય છે. જ્ઞાની પુરૂષોને ઉભય નિર્જરા ઇષ્ટ હોય છે. ઉભય નિર્જરામાં સમભાવ હોય છે. આપણે પણ ઉભય શુભાશુભની નિર્જરામાં સમભાવે રહેતાં શીખવાની ટેવ પાડવાની જરૂરત છે. ઉભયની નિર્જરા સિવાય આત્મશુદ્ધિ થઇ શકતી નથી અને શુદ્ધિ સિવાય આત્મવિકાસ થઇ શકતો નથી. કર્મોના ઉદયાધીન વિયોગમાં સુખ શાંતિ અનુભવવી, વેદવી અને ઉદયાધીન જ સંયોગોમાં ખિન્નતાનો અનુભવ કરવો એ જ આપણા માટે વધુ ઇષ્ટ છે. શુભાશુભ કર્મની ક્ષીણતાએ જ દેહાદિ શુભાશુભ કર્મવિકારોની પણ ક્ષીણતા અવલંબીને રહેલી હોય છે. માટે આત્મ પ્રદેશોમાં થતા અશુભ ઉદયાધીન થતા બાહ્ય કર્મવિકારોમાં ક્ષીણતા જણાય તો કાંઇપણ શોચ કરવો નહિ.

**ભજન :—**

અંતર કો પટ ખોલતો રે, સંત મીલેગા,
મહંત મીલેગા, અનંત મીલેગા. અં૦ ૧
ઝટ ઇન્હીકો ફૂટ ટૂટ બીન, ઉલટા સંત ચિલેગા. અં૦ ૨
ધ્યાન કી કૂટીયામેં સંત બિરાજે, દગચરણે ચિપલેગા. અં૦ ૩
કરે કરૂણા તબ સંત મહંતા, ભવ જંજીર કટેગા. અં૦ ૪
આત્મરામ સુધારસ દરિયા, કાંતિ હિલે જ્યું હિલેગા. અં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભવસ્વરૂપ-ચિંતવન

( અનુસંધાન પૃષ્ઠ ૧૯૮ થી ચાલુ )

લેખકઃ—મુનિ પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )

## સંસાર ભયંકર અટવી છે.

" મહાકષ્ટે કરીને પામેલી ધર્મદ્રવ્યના લેશરૂપી ભિક્ષાને ગ્રહણ કરીને ભવાટવીમાં પ્રયાણ કરનારા ભવ્ય જનોને સ્ત્રીઓના સ્તનરૂપી વિષમ દુર્ગમાં રહેલો કામદેવરૂપી બળવાન ભિલ્લ લૂંટી લે છે, માટે એવી ભવાટવીમાં સહાય વિના ગમન કરવું ઉચિત નથી."

**વિવેચન**-હે વિવેકી ! આ કહેવામાં આવે છે એવી ભવાટવીને ઘણાં દુઃખ અને ઉપદ્રવરૂપી શિકારી જાનવરોનો વ્યાઘાત હોવાથી શાસ્ત્રજ્ઞાન અને સુકૃતાદિક સાર્થના અર્થાત્ સંઘની સહાય વિના ગમન કરવું ઉચિત નથી એટલે સુખકારક નથી; કેમકે તે ભવાટવીમાં જે ભવ્ય જનો મહાકષ્ટે કરીને વ્રતપાલનાદિક ધર્મ દ્રવ્યના લેશરૂપ કાંઇક ભિક્ષાને પામીને પ્રયાણ કરે છે, તેમને વામાક્ષીના-મનોહર નેત્રવાળી સ્ત્રીઓના સ્તનરૂપી વિષમ-કોઇથી જીતી ન શકાય તેવા કિલ્લામાં નિવાસ કરનાર કામદેવરૂપી બળવાન ભિલ્લ લૂંટી લે છે. એટલે વિશેષ કરીને ધર્મરૂપ ધનરહિત કરી દે છે.

## આ સંસારકૂટ ઘટનામય હોવાથી મિથ્યા છે.

" જે સંસારને વિષે " આ ધન મારું છે, આ ઘર મારૂં છે, તથા આ પુત્ર-સ્ત્રી વગેરે મારૂં છે, એવા વિપર્યાસપણાથી વારંવાર ઘણું દુઃખ પામ્યા છતાં પણ અસત્ય સુખના મદને ધારણ કરનારા લોકો રહેલા છે. એવો આ સંસાર અસત્ રચનામય છે તેથી વિવેકી પુરૂષ આસક્તિ પામતા નથી.

**વિવેચન**-આ પ્રત્યક્ષ દેખાતો સંસાર વસ્તુસ્વભાવને એટલે આત્મસ્વભાવને આચ્છાદન કરનાર કૃત્રિમ ભાવની રચનારૂપ છે. તેથી કરીને વિવેકી-તત્ત્વાતત્ત્વનો વિચાર કરનાર મનુષ્ય આ ભવવાસને વિષે આસક્ત થતાં નથી. જે સંસારના મનુષ્યો આ ધન મારૂં છે, આ ઘર મારૂં છે આ પુત્ર-સ્ત્રી વગેરે તથા અશ્વાદિક મારૂં છે; આ પ્રમાણેના વિપર્યાસને લીધે વારંવાર તેમને ઘણાં દુઃખ પ્રાપ્ત થયા છે તો પણ મિથ્યા-અસત્ પોતાના વિકલ્પથી જ કલ્પના કરેલા મૃગતૃષ્ણાની જેવા અને અવિદ્યમાન એવા સાતા સુખના અભિમાનને એટલે સુખીપણાના અભિમાનને ધારણ કરતાં છતાં તેમાં નિવાસ કરે છે અર્થાત્ સુખની નહિ છતાં પણ સુખની ભ્રાંતિવાળા થાય છે.

## આ સંસાર કારાગૃહ છે.

" જે સંસારરૂપી કારાગૃહમાં-કેદખાનામાં પ્રિયાપરનો સ્નેહ બેડી સમાન છે, પુત્રાદિક પરિવાર પહેરેગીર યોદ્ધા સમાન છે અને દ્રવ્ય નવિન બંધનસદૃશ છે, તથા જે કારાગૃહ મદરૂપી અશુચિએ કરીને ભરેલું છે. અને વ્યસનરૂપી બીલોના સંસર્ગથી ભયંકર છે, એવા આ સંસારરૂપી કારાગૃહમાં વિદ્વાન્ પુરૂષને કોઇ પણ સ્થાને રતિ-પ્રીતિ ઉત્પન્ન થતી જ નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**–હે પ્રાણી ! આ કહેવાતા હેતુથી આ સંસાર કારાગૃહ એટલે અપરાધીઓને નિરોધ કરવાનું કેદખાનું છે એમ તું જાણ. તેવા કારાગૃહરૂપ સંસાર હોવાથી આ ભવને વિષે કૃત્યાકૃત્યનું વિવેચન કરવામાં પંડિત એવા પુરૂષોને કોઇ પણ સ્થાને રતિ–પ્રીતિ ઉત્પન્ન થતી નથી. જે ભવરૂપી કારાગૃહમાં સ્ત્રી ઉપરનો પ્રેમ તે બેડી સદશ છે. તે બેડીમાં પડેલાથી નાસીને અન્યત્ર જઈ શકાતું નથી. માટે પ્રિયાના સ્નેહને નિગડ–બેડીની ઉપમા આપી છે. તથા પોતાનો જે પરિવારવર્ગ તે પહેરેગીર સુભટ જેવો છે. અર્થાત્ પરિવારથી વીંટાએલો પુરૂષ નાશીને સંસારથી દૂર જઇ શકતો નથી, તેથી તેને પહેરેગીરની ઉપમા આપી છે. તથા ધન-દ્રવ્ય એ નવિન–અપૂર્વ રજ્જુઆદિકના બંધન-રૂપ છે. ધનની આશામાં બંધાયેલો પુરૂષ અપ-રાધી થયેલા કેદીની જેમ નવી નવી જાતિના પરાભવને પામે છે તથા તે કારાગૃહ ધન અને યૌવનાદિકથી ઉત્પન્ન થયેલા અભિમાનરૂપી અ-પવિત્ર પદાર્થથી ભરેલું છે. અર્થાત્ અભિમાની પુરુષ અપકીર્તિરૂપ દુર્ગંધને પામે છે તથા તે કારાગૃહ ધનપુત્રાદિકના વિયોગથી ઉત્પન્ન થયેલા વ્યસનો–કષ્ટોરૂપી સર્પના નિવાસસ્થાનોના સંસર્ગથી દારૂણ–ભયંકર છે.

## આ સંસાર સ્મશાનરૂપ છે.

"જેને વિષે મહાક્રોધરૂપી ગૃધપક્ષી રહેલા છે, ચપળ એવી અવિરતિરૂપ શિયાળણી રહેલી છે, કામદેવરૂપી ઘુવડ પ્રગટ રીતે કટુ શબ્દ કરતો સ્વેચ્છાએ ફર્યા કરે છે, શોકરૂપી અગ્નિ પ્રદીપ્ત રહેલો છે, તથા જેમાં ચોતરફ વિસ્તાર પામેલા અપયશરૂપી ભસ્મના ઢગલા જોવામાં આવે છે. એ પ્રમાણે હોવાથી આ સંસાર સ્મશાન સરખો જ છે. તેથી તેમાં રમણીયતા શી ? કાંઈ જ નથી."

**વિવેચન**–આગળ કહેવામાં આવતાં કાર-ણોથી આ પ્રત્યક્ષ દેખાતો સંસાર સ્મશાન સદશ છે એમ જાણવું. આ સંસારરૂપી સ્મશા-નમાં મહા અનંતાનુબંધી ક્રોધ કે જે ઉત્પન્ન થયા પછી અકાર્ય કર્યા વિના નિવૃત્તિ જ પામતો નથી, તેવા મહા ક્રોધરૂપી ગૃધ્ર–માંસાહારી પક્ષી રહેલા છે. પોતાના અને બીજાના રૂધિર તથા માંસને ખાનાર હોવાથી તેને આ પ્રમાણે ઉપમા આપી છે. તથા માંસાદિ ભક્ષણ કરવામાં ચપળ એવી અવિરતિરૂપી શિયાળણી ભ્રમણ કરે છે. અવિરતિમાન્ સર્વભક્ષી હોવાથી તિર્યં-ચના સ્વભાવવાળો છે તેથી તેને તેવી ઉપમા આપી છે. તથા કામદેવરૂપી ઘૂવડ પ્રગટ રીતે વિવેકી જનને દુઃખદાયી શબ્દ કરતો સ્વેચ્છાએ પરિભ્રમણ કરે છે. કામદેવ દિવસે દેખી શકતો નથી, ( પ્રાયે દિવસે ઉત્પન્ન થતો નથી ) દુષ્ટ ભાષણ કરનાર હોય છે, અને સ્વેચ્છાચારી હોય છે તેથી તેને તેવી ઉપમા આપી છે. તથા જ્યાં શોકરૂપી–ઇષ્ટ વસ્તુના વિયોગાદિકથી ઉત્પન્ન થયેલા ચિત્તના ઉદ્વેગરૂપી અગ્નિ પ્રદીપ્ત થયેલો દેખાય છે. સંતાપનો હેતુ હોવાથી શોકને અગ્નિની ઉપમા આપી છે. તથા ચોતરફ વિસ્તાર પામતા અપયશરૂપી ભસ્મસમૂહ પડેલો છે. અસાર હોવાથી તથા મલિન કરનાર હોવાથી અપયશને ભસ્મની ઉપમા આપી છે. અને તે અપયશ સંસારમાં વસતા પ્રાણીઓને પ્રાપ્ત થાય જ છે.

## આ સંસાર વિષવૃક્ષ જ છે.

"આ સંસાર વિષવૃક્ષરૂપ છે. કેમકે ધનની આશારૂપ જે ( વિષવૃક્ષ )ની છાયા માત્ર પણ અતિ વિષમ મૂર્ચ્છાને આપનારી છે તથા સ્ત્રીઓના વિલાસરૂપ જેને પુષ્પરાગ પણ મોટા વિકારને માટે થાય છે. તથા જેના ફળનો આસ્વાદ નરકના વિસ્તીર્ણ વ્યાધિઓના સમૂહ-રૂપ છે. એવા આ સંસારરૂપી વિષવૃક્ષને વિષે બુદ્ધિમાન્ પુરુષોએ આસ્થા રાખવી યોગ્ય નથી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાના ભંડાર

સં૦ : મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ-પ્રાંતિજ.

શ્રી ખંધક મુનીશ્વરનું નામ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયું છે. એ મહાપુરુષ પવિત્ર હતા, અશુભ સંકલ્પ પણ એમને હૈયામાં પ્રાયઃ આવેલો નહિ. એમને તેનો ખ્યાલ સરખોય નહિ. છતાં પણ એમનાં પૂર્વજીવનના સંસારિક સંબંધી રાજાને એઓને અંગે અજાણપણે તદ્દન વિપરીત કલ્પના આવી.

એકવાર એમ બન્યું કે, તે રાજા પોતાની રાણી સાથે મહેલના ઝરૂખે બેઠો હતો. એ વખતે રસ્તા ઉપરથી શ્રી ખંધક મુનીશ્વર પોતાની મુનીચર્યાપૂર્વક જઈ રહ્યા હતા. એ મુનીશ્વર રાણીના સંસારિપણાના ભાઇ હતા. આથી બહેને ભાઈને ઓળખી લીધા.

પહેલાં જે અવસ્થામાં ભાઇને જોયેલા, તે કરતાં અત્યારે ઘણી જ વિલક્ષણ અવસ્થામાં તેણીએ પોતાના ભાઇને જોયાં. હાડકાનું ભરેલું ગાડુ ચાલતાં ખખડે, તેમ શ્રી ખંધક મુનીશ્વરના હાડકાં ખખડતા હતા. એ મહાત્માએ ઉગ્ર તપશ્ચર્યાથી પોતાના દેહને હાડકાંનાં માળા જેવો બનાવ્યો હતો. છતાં તેઓ ઉગ્ર વિહાર કરતા હતા. તે મહાપુરુષને તો શરીર આવું થઇ ગયું તેનું જરાય દુઃખ થતું ન હતું. પણ બેનને તો પોતાના ભાઇનું હેત હૈયે રહ્યું હતું. ભાઇ પ્રત્યેના મોહના યોગે તે રાજરાણીની આંખમાં આંસુની ધારા વહેવા લાગી. આ વસ્તુ રાજાએ જોઇ.

---

**વિવેચન**—હે ભવ્ય પ્રાણીઓ ! કહેવાતા કારણને લીધે આ સંસાર જ વિષવૃક્ષ સમાન છે. મહા મૂર્ચ્છા ઉત્પન્ન કરનાર હોવાથી તથા પ્રાણનો નાશ કરનાર હોવાથી તેને વિષવૃક્ષની ઉપમા આપી છે. આવા વિષવૃક્ષ ઉપર બુદ્ધિમાને વિશ્વાસ રાખવો યોગ્ય નથી. તે ભવરૂપી વિષવૃક્ષ કેવો છે તે કહે છે–ધનની આશા–પ્રાપ્ત કરવાની ઇચ્છારૂપ જે વિષવૃક્ષની છાયા પણ એટલે વૃક્ષ તો દૂર રહો માત્ર તેની છાંયા પણ અતિ વિષમ મૂર્ચ્છાને–ચૈતન્ય રહિતપણાને આપનારી છે. ધન એ વિવેકનો નાશ કરનાર તથા આશા–તૃષ્ણાને વિશ્રામ આપનાર છે તેથી તેને વિષતરૂની ઉપમા આપી છે. તથા સ્ત્રીઓના હાવભાવ શૃંગારાદિક ચેષ્ટારૂપ વિલાસો જે વૃક્ષના પુષ્પરાગસદૃસ છે, તે પણ અતિ મોટી વિકૃતિને માટે એટલે મહા મોહનીય કર્મનો બંધ અને ઉદય કરનાર એવા વિકારને માટે થાય છે. સ્ત્રીઓના વિલાસ મહા પાપબંધના કારણ હોવાથી તેને તેવી ઉપમા આપી છે. તથા જે વિષતરૂના ફળનો સ્વાદ વિસ્તીર્ણ એવા અસહ્ય નરક સંબંધી વ્યાધિઓના–દસ પ્રકારની વેદનાદિકથી ઉત્પન્ન થયેલી પીડાઓના સમૂહરૂપ છે. સાંસારિક સુખમાં નિમગ્ન થયેલા જીવોને આ ભવમાં વ્યાધિઓ અને પરભવમાં નરકાવાસ પ્રાપ્ત થાય છે, તેથી તેને તે ઉપમા આપી છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ આંસુ જોતાની સાથે જ, શ્રી ખંધક મુનીશ્વરના અશુભોદયના યોગે, રાજાના હૃદયમાં દુષ્ટ કલ્પના જન્મી. રાજાના હૈયામાં રાણીનાં પૂર્વજીવનના લગ્ન પહેલાનાં જીવનનાં સદાચાર માટે કુશંકા થઇ. જરૂર આ માણસ રાણીનો જાર હોવો જોઇએ, માટે જ એને આવી દશામાં જોઇને રાણીને આંસુ આવ્યાં, રાજાએ તે અવસરે આ કલ્પના કરી.

રાણીને તેણે આવી પૂછયું નહિ, અને તેને ખબર ન પડે એ રીતે રાજાએ શ્રી ખંધક મુનીશ્વરની જીવતાં ખાલ ઉતારવાને માટે, મારાઓને મોકલ્યા. મારાઓ રાજાના હુકમ મુજબ શ્રી ખંધક મુનીશ્વરની પાસે આવ્યા અને રાજાની આજ્ઞા તેઓને કહી સંભળાવી. શ્રી ખંધક મુનીશ્વરે આ સાંભળીને વગર આનાકાનીએ તેઓને શાંતિથી સંભાળપૂર્વક કહ્યું કે; ભાઇ થકી.પણ તમે વધુ ભલાઈ કરનાર છો! વિના કારણ–કશા પણ અપરાધ વિના, જીવતાં ખાલ ઉતારવા આવે, તેવાઓની સામે પણ દુર્ભાવનો એક અંશેય તેઓશ્રીના હૈયામાં નહોતો.

તેઓને મન ઉદારતા, ગંભીરતા કે ધીરતાની કપરી કસોટીનો આ અવસર હતો. તે મહામુનીશ્વરના હૈયામાં ઉદારતા–કરૂણા સ્વયંભૂરમણ સાગરની જેમ ભરી હતી. તેઓના હૃદયમાં એ જ એક સદ્‌વિચાર સ્ફૂર્યો કે, આ આવ્યા એના માલીકે એવી આજ્ઞા કરી માટે એમના માલીકને આવી આજ્ઞા કરવાની બુદ્ધિ મારા અશુભોદયના યોગે જન્મી. મારે તે કર્મોને અવશ્ય એક વેળાયે ખપાવવા જ છે ત્યારે મારા કર્મને ખપાવવામાં સહાય કરનાર આના જેવો બીજો ઉપકારી કોઇ નથી. ઉત્તમ કોટિની ઉદારતા અને આત્માનુલક્ષિતાના યોગે મહાપુરૂષોને આવી ભાવના આવે–એ સહજ છે.

શ્રી ખંધક મુનીશ્વરે પોતાના શરીરની જીવતાં ખાલ ઉતારવાને માટે આવેલા, તે મારાઓને એમ પણ કહ્યું કે, ' તમે કહો એવી રીતે હું ઉભો રહું કે જેથી તમને મારી ખાલ ઉતારતાં તકલીફ ન પડે! કારણ કે મારી કાયા તપશ્ચર્યાના યોગે કઠણ થઇ ગઇ છે. જીવતાં ખાલ ઉતારવાને માટે આવેલાને પણ તકલીફ ન પડે, એ વિચાર તેવા મહાપુરૂષોને જ આવે, જેઓ ક્ષમાના અખંડ ભંડાર હોય.

તે મહાત્માના હૃદયમાં શુભ ભાવનાઓ રમી રહી હતી, આ કારણે જ તેઓએ આ વિચાર કર્યો કે, મારૂં કોઇ બગાડતું નથી. મારા પૂર્વકાલીન દુષ્કૃત વિના મારૂં ખરાબ કરવાનું સામર્થ્ય કોઇમાં નથી. સામા આત્માને મારૂં બગાડવાની જે દુર્બુદ્ધિ સૂઝી તે મારા પાપ કર્મના યોગે. ખરી રીતે આ રાજા કે તેના મારાઓ–નોકરો મારૂં સારૂં કરે છે. મારા પૂર્વ સંચિત પાપકર્મોને ઝટ ભોગવવામાં તેઓ મને સહાય કરે છે. આથી તેઓ મારા ઉપકારી છે.

આમ શુભભાવનામાં રમતા તે મુનીશ્વરનાં કર્માવરણો જેમ દૂર ટળતાં ગયા, તેમ મારવા આવેલા નિર્દય મારાઓ જાણે શરીરની ખાલને ઉતારતા ગયા. ક્ષમાશીલ શ્રી ખંધક મુનીશ્વરે તે વેદનાને આમ સમભાવપૂર્વક સહન કરી અંતે શરીરની સંપૂર્ણપણે ઉતરી અને કર્માવરણો દૂર ટળ્યાં. આથી કૈવલ્યજ્ઞાનને પામી તેઓશ્રી પરમધામમાં સીધાવ્યાં. જ્યાં જન્મ, જરા કે મૃત્યું, કર્મ, કષાય કે સંસારનાં બંધનો કદિ કાલે આત્માની સ્વતંત્રતાને લૂંટી લેવાને સમર્થ નથી. આથી પરાધીનતાનાં બંધનોથી મુક્ત તેઓ સાચા સ્વાધીન બન્યા.

( દિવ્ય દર્શનમાંથી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समयं मा पमाए।

卐

## ‘ બ્રાહ્મી અને સુંદરી ’

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી

( ગતાંક ૯ અંકના પૃષ્ઠ ૧૭૮ થી ચાલુ )

( ૧ )

**સુંદરી**—બ્હેન, તું તો જીવન પલ્ટો કરી ચુકી, અને હું તો રહી ગઇ !

**બ્રાહ્મી**—વાત સાચી પણ એમાં દોષ કોનો ? ત્હને નથી લાગતું કે ઘરથી જ તું ઢીલી હતી ? આપણા વચ્ચેની વાત યાદ કર. ‘ સ્ત્રી જાત તે કુંવારી રહી સાંભળી છે ! ’ એ ત્હારો ચમત્કારિક સવાલ વારંવાર પૂછાતો. ‘ પુરૂષ કે સ્ત્રી ઉભયમાં આત્મા તો સરખો જ છે, અને કલ્યાણપંથનો કામી આત્મા જીવન-ભર માટે બ્રહ્મચર્ય વ્રતસેવનના શપથ લે એમાં જેમ કંઇ અજુકતું નથી, તેમ સંયમનો રાહ સ્વીકારે એમાં પણ કંઇ જ વાંધો નથી એ મારો જવાબ મળતો.’ હું માનું છું ત્યાં સુધી એથી ત્હને સંતોષ થયો હતો છતાં જ્યારે પ્રભુ સમક્ષ પવિત્ર એવી ભાગવતી દીક્ષાનો નિયમ ગ્રહણ કરવા હું ઉભી થઇ ત્યારે તું કેમ તૈયાર ન થઇ ? મને એ વેળા આશ્ચર્ય ઉપજ્યું. આપણે ઉભયે સાથે જ એ વ્રત સ્વીકારવાની વાત થયેલી. કયા કારણે.વા આક-ર્ષણે તું રોકાણી ?

**સુંદરી**—ભગિની ! આકર્ષણ જેવું છે જ નહીં. હા, કારણ વિના કાર્ય બનતું નથી એ વાત સાચી છે અને મારી બાબતમાં એમ જ બનવા પામ્યું છે એટલે જ તું નાવડી હંકારી ગઇ અને હું કિનારે મ્હોં વિકાસી ઉભી રહી ! આગારી જીવનને લાત મારી, અનગારપણાનો સ્વાંગ ત્હેં સજી લીધો. જ્યારે હું તો સંસારની એ સળગતી હોળી વચ્ચે ઉભી છું. એટલું જ નહીં પણ મારૂં ધ્યેય સિદ્ધ કરવામાં અવરોધતાં વિઘ્નોની હારમાળા ચક્ષુ સામે નૃત્ય કરતી અવલોકું છું.

**બ્રાહ્મી**—ત્હારી આ રામકહાણી પાછળ મને તો એક જ વાત રમતી દૃષ્ટિગોચર થાય છે અને તે એ જ કે તું પગલું ભરવામાં ડર-પોક છે. ક્ષણે ક્ષણે અવનવા પલ્ટા પામતા આ સંસારમાં સમજુ આત્માનું કર્તવ્ય તો એ હોઇ શકે કે નિશ્ચય કરતાં પૂર્વે સર્વ તરફનો વિચાર કરી જુવે પણ જ્યાં એક વાત નક્કી થઇ કે પછી બીજી બાજુ જોયા સિવાય એમાં ઝંપ-લાવે. એ વેળા જ્ઞાની ભગવંતનું વચન આંખ સન્મુખ રાખે. **समयं मा पमाए** નાનકડા એ સમયે ભલભલાના જીવનોમાં જબરા ફેરફાર કરી નાખ્યાં છે. કાંઠે આવેલાને ભરદરિયે ધકેલી દીધાં છે ! ત્હારે અને મ્હારે પ્રવજ્યા સ્વીકાર-વાની વાત નિશ્ચિત હતી ત્યારે હું ઉભી થઇ તે વેળા તું કેમ ન થઈ ?

**સુંદરી**—હું વડિલની આજ્ઞા મેળવવા ગઇ. એમણે નકારો થતાં મારા ટાંટિયા ઢીલા પડ્યા ત્હારી સાથે ઉભી થવામાં મારૂં અંતર અવિ-નય જોઇ રહ્યું !

**બ્રાહ્મી**—અંહ, ત્યારે શા સારૂ નિરાશાના સૂર કહાડે છે ? બાહુબલિ સરખા શૂરવીરની બહેન, જેવું નામ તેવા ગુણ અને રૂપમાં તો દેવલોકની અપ્સરાને પણ હાર આપે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદરીને સ્વામિની પદે સ્થાપવાના અભિલાષ વર્ષોથી સેવન કરનાર મારો પ્રિય ભ્રાતા ત્હને શું એટલો બધો ભોળો લાગ્યો કે તું ચાલી ચલાવી પૂછવા ગઇ ત્યારે એકદમ હા ભણી હાથમાં આવેલ રત્ન ગુમાવી બેસે !

**સુંદરી**—વડિલને પૂછયા વિના આપણાથી કંઈ થાય ખરૂં ?

**બ્રાહ્મી**—બ્હેનડી ! શા સારૂ વડિલપણું આગળ આણે છે ? ભાઇને સ્વામી તરિકે સ્વીકારવાની વાત ત્હારા અંતરમાં પણ રમતી જણાય છે. મારી સાથે સંયમ લેવાની ભલે ત્હેં હા ભણી હતી છતાં હ્રુદયના ઊંડાણમાં સ્નેહનું ઝરણું વહેતું જણાય છે, તે વિના તું આટલી ચોખવટ કરવા ન જાય. મારી ભેગા ત્હારી વાત પણ આવી ગઇ માની કામ કરવા ધાર્યું હોત તો થઈ જાત. પણ જો પ્રીતિ ખરેખર રમતી હોય તો માર્ગ નિરાલો ગણાય, તો પછી ત્હારે કહેવું ઘટે કે-વડિલની આજ્ઞા માટે નહીં પણ પ્રીતમના પ્રેમને માટે થોભી !

**સુંદરી**—ત્હારા સરખી દક્ષ સખીને આમ કહેવું, પોતાની સાથે બાળપણાથી જેનો ગાઢ સંબંધ છે એવી બહેનના સંબંધમાં આ જાતનો ઉચ્ચાર કરવો એ નથી તો શોભાસ્પદ અને નથી તો બુદ્ધિમતાના લક્ષણ સુચક.

ખેર ! આજે તું ત્યાગીના જીવનમાં પાંગરી રહી છું. એ જીવનને ઓપ આપે એવો અંચલો ત્હારા દેહ પર શોભી રહ્યો છે, એટલે આથી પણ સખત શબ્દોમાં ઉપદેશ દેવાનો ત્હારો અધિકાર સિદ્ધ થઈ ચુકયો છે. એક શ્રાવિકા તરીકે મ્હારે પૂર્વ નાતો વિસરી જઇને-સંસારી દશાની પૂર્વલી વાતો હ્રુદયપટ પરથી ભૂસીવાળીને-ત્હારો વિનય સાચવવો જોઈએ. ‘ વિનય ધર્મનું મૂળ છે ’ એ સૂત્ર મ્હારા અંતરમાં સુવર્ણાક્ષરે કોતરાયેલું છે અને મારા રક્ત સાથે ઓતપ્રોત બન્યું છે. એટલે જરાપણ એને આંચ ન આવે એ રીતે મારૂં વર્તન રાખવાનો મેં નિર્ધાર કર્યો છે.

પૂજ્ય સાધ્વીજી, ભલે ને મારા કાર્યમાં આપને પ્રેમની ગંધ આવતી હોય છતાં મ્હારે નિ:શંક કહેવું જોઇએ કે એ ગણત્રી ભૂલભરી છે. તીર્થપતિ શ્રી ઋષભદેવની તનયાને-ઇક્ષ્વાકુ વંશમાં જન્મેલી બાળાને-જો રાગનો રંગ લાગ્યો જ હોય તો એવી કોઇ શક્તિનું એના પર જોર ચાલી શકે તેમ નથી જ કે જે તેણીને ફરજીયાત વિરાગના માર્ગે દોરી જાય ! હા, ‘ **समयं मा पमाए** ’ જેવા ટંકશાળી વચન પ્રત્યે બેદરકારી દાખવી, ત્હારી સાથે નિકળવાને બદલે હું જરા પાછળ રહી અને પરિણામ જુદું આવ્યું ! જીવનભરની સખીઓ અને અપર માતાના અંકમાં ઉછરેલી એવી સગી ભગિનીઓ કરતાં પણ વધુ ગાઢ સ્નેહ ધરાવતી બહેનો હોવા છતાં ત્હારા અને મ્હારા રાહ નિરાળા બન્યા છે ! આજે તો દિવસના વધવા સાથે એમાં અંતર વધવાનાં સ્પષ્ટ લક્ષણ નયનપથમાં આવે છે.

છતાં સખી સાધ્વીજી સ્મૃતિપટમાંથી આ સખીશિષ્યાના શબ્દો જરા પણ ઝાંખા ન પડવા દેશો. ‘ કેવળ વિનયના કારણે રોકાયેલ હું, સત્વર તમને આવી મળીશ.

વાચક સંવાદના શબ્દો પરથી એટલું તો તારવી શકયો હશે કે એ બે બહેનો વચ્ચે ચાલી રહ્યો છે. ઋષભદેવ ભગવાનની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી વચ્ચે એ બ્રાહ્મીએ દીક્ષા લીધા પછી ચાલે છે. ઉભયના અંતરમાં ધરથી જ પ્રવજ્યા લેવાના પરિણામ છે. જ્યાં યુગાદિ જિનેશ કેવળજ્ઞાન પામી વિનિતા નગરીમાં પધારે છે ત્યાં સૌ કોઇ વાંદવા જવાની તૈયારી કરી રહ્યા છે. નાભિકુલકરના વંશમાં વડિલનો અધિકાર ભર-

For Private And Personal Use Only

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૨૨૨ થી શરુ )

લેખક : અમરચંદ માવજી શાહ

૧૬૮. જેમ દેહમાં વાત, પિત્ત, કફ એ ત્રણે સમપણે પરિણમે છે ત્યાં સુધી દેહારોગ્ય યથાર્થ જળવાઇ રહે છે. અને જ્યારે એક પણ દોષ વિષમ બને છે ત્યારે બિમારી થાય છે અને ત્રણે વિષમ બનતાં ત્રિદોષરૂપ ભયંકર વ્યાધિ થઇ જીવન જોખમાય છે. તે જ રીતે આ દેહમાં રહેનારો આત્મદેવ જ્ઞાન, દર્શન, ચારિત્રે કરી સમત્વભાવમાં રહેતો છતો અનંત આનંદ અને અનંત શાંતિમાં રહે છે, પરંતુ જ્યારે તે રાગ, દ્વેષ, ને અજ્ઞાનમાં પરિણમે છે ત્યારે જન્મ, જરા, મરણરૂપ આધિ, વ્યાધિ, ઉપાધિમાં આત્મદેવ સપડાય છે.

૧૬૯. દરેક યોનીમાં મનુષ્યદેહ આત્માને જાણવા માટેનું દેહાદિથી મુક્ત થવાનું અમૂલ્ય સાધન છે. એટલે આ દેહભાવને ગૌણ કરી જો આત્મભાવમાં જ લક્ષ થાય તો જન્મ, મરણની ઉપાધિથી મુક્ત થવાય.

૧૭૦. જ્ઞાનનો સાર રાગ દ્વેષનો મોહ અજ્ઞાનનો ત્યાગ કરી સ્વભાવમાં સ્થિરતા કરવી એ છે. સમભાવ એ જ્ઞાનનો સાર છે. જે રાગ દ્વેષ, વિષય, કષાયને જીતે તે જિન, વિતરાગ, પરમાત્મા સ્વરૂપ છે એવું પરમાત્મપદ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કર્તવ્ય છે.

૧૭૧. આ કરવું, આમ કરવું, આમ થાય,

---

તજી ભોગવે છે. એક તરફ પિતા એવા યુગાદિ પ્રભુના કૈવલ્ય સમાચાર આવે છે. બીજી તરફ આયુધશાળામાં ચક્રરત્ન ઉપન્યાની બાતમી મળે છે. ઉભય પ્રસંગમાં યથાપ્રકારના વિધિ-વિધાનની અને ખુદ રાજવીની પોતાની હાજરીની અગત્ય લેખાય. ઘડીભર રાજવીના મનમાં ઘડભાંગ થાય છે કે પ્રથમ કઇ તરફ પગલા પાડું ? પણ સમ્યક્જ્ઞાનથી જેનું હૃદય વાસિત છે એવા ભરતજીને નિર્ણય આણતાં વિલંબ ન થયો. લૌકિકને પાછળ રાખી લોકોત્તર પૂજાને અગ્રપદ આપ્યું. ' રીઝવવો એક સાંઇ, લોક તે વાત કહેરી ' એ સ્તવનમાં આણેલા ભાવ મુજબ વર્તવાનો નિશ્ચય કરી તૈયારી કરવા લાગ્યા. તીર્થની સ્થાપના થવાની એટલે ચીરકાળથી વ્રત-નિયમના અભિલાષી આત્માઓ પણ આજે એ ખબર આણવાના ઉમંગથી ઘટતી તૈયારી કરી સમવસરણના માર્ગે ચાલી નીકળ્યા.

**બ્રાહ્મી** અને **સુંદરી**ની એ ઇચ્છા હતી જ. ઉભયે તૈયારી કરી પણ બાહુબલિની સગી બહેન સુંદરીને મનમાં એમ જ થયું કે પ્રવજ્યા સ્વીકારતાં પૂર્વે વડિલ એવા ભરતજીની આજ્ઞા મેળવવી. એ જ્યાં પહોંચીને વાત રજુ કરે છે ત્યાં ચક્રરત્નના માલિક એવા રાજવીને સુંદરી પોતાનું સ્ત્રી રત્ન બનવા યોગ્ય છે એવો વિચાર આવતાં ઝટ જવાબ દઇ દીધો–બ્રાહ્મી ભલે દીક્ષા લે પણ તું થોભી જા.

**સુંદરી** કંઇ દલીલ કરે તે પૂર્વે તો ઉતાવળથી રાજવી ત્યાંથી નિકળી ચાલ્યા. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ થાય, આદી સંકલ્પ વિકલ્પ, આશા, તૃષ્ણા આદીને ત્યાગી કાંઇપણ કરવું નથી. ફક્ત પૂર્વે જે કરેલું છે તે ક્ષય કરવું છે, એને માટે જ આ જીવનની દરેક પ્રવૃત્તિ છે એવી આત્મભાવનાએ આત્મા ઉપર આવરણરૂપે રહેલાં કર્મો નિર્જરા થઈ શુદ્ધ થઈ શકશો.

૧૭૨. કર્મ એક વખત રાજેશ્વર અને દેવેન્દ્ર પણ બનાવી શકે છે અને એ જ કર્મ રૌરવ નર્કમાં પણ ધકેલી શકે છે. એવી કર્મની વિચિત્ર લીલામાં ફસાવું ન હોય તો ઇચ્છામાત્રનો ત્યાગ કરો, મોક્ષ સિવાય બીજી કોઇપણ સંસારની પદવીની આશા નહિં સેવો. તો વારંવાર ઘડીક સુખ, પાછું દુઃખ એવા ક્ષણિક બદલાતાં ભાવોનો જ્યાં યોગ નથી એવા અયોગી પરમપદે પરમસુખમાં સ્થિર થશો.

૧૭૩. આત્માનંદમાં, આત્મશાંતિમાં, આત્મસંતોષમાં કેટલું સુખ છે, અભેદ્ય પ્રેમમાં કેટલું અમૃત છે એનો વિચાર અંતર્મુખ દૃષ્ટિ કરી અનુભવમાં ઉતારો. સંસારની ક્ષણિકતા વિચારો તો આપોઆપ આ મોહરૂપ સંસારની માયારૂપ નાટ્યકલાનો ભેદ ખૂલ્લો થશે અને શાશ્વત શાંતિ માટે તાલાવેલી લાગશે.

૧૭૪. નિર્મળ જળથી સરોવર ભરેલું હોય ફરતો સુંદર પુષ્પોથી ખીલેલો બગિચો બ્હેકતો હોય તેવું દ્રષ્ય કલ્પો. તે સરોવરનાં મધ્ય ભાગમાં કમળપૂષ્પની ઉપર મહાયોગીન્દ્ર ભગવાન પાર્શ્વનાથ કાઉસગ્ગધ્યાને ઉભા હોય, ઉપર ધરણેન્દ્ર સમફેણ વિકસાવી છત્ર ધરી રહ્યાં હોય એવું દ્રશ્ય ખડું કરો. સામે તમે પણ એક કમળપુષ્પ ઉપર સાથે જ ધ્યાન ધરી ઉભા હો તેમ કલ્પો. ફક્ત એ ભગવાનનાં સન્મુખ નિર્વિકલ્પપણે સ્થિર ઉભા હો તેમ કલ્પો. જ્યારે કાંઇ પણ સંકલ્પ, વિકલ્પ ઉઠે ત્યારે તમે કમળપુષ્પ સહિત પાણીમાં ડૂબો છો અને પાછાં નિર્વિકલ્પ થતાં ઉપર આવો છો એવું દ્રશ્ય કલ્પો. બરાબર એકાગ્રતા રાખો, તમારાં દેહનું ભાન ભૂલી જાઓ, ભગવાનનાં ધ્યાનમાં એકતાર થઇ જાઓ. આ પ્રકારનું ધ્યાન કરવાનો થોડો થોડો સમય ઉપયોગ રાખશો તો ચિત્તની એકાગ્રતા અને નિર્વિકલ્પતામાં મળતો સહજ આનંદ ક્યારેક પ્રાપ્ત કરી શકશો.

૧૭૫. જેને ચિત્તવૃત્તિઓ ઉપર કાબૂ પ્રાપ્ત થયો છે, જે આત્મસ્વભાવમાં સ્થિત થયાં છે, જેનો પળેપળે ઉપયોગ છે, રાગદ્વેષ ઉપર જેની સંવરરૂપ ચોકી છે, જે આત્મલક્ષ્ય ચૂકયા સિવાય સંસારમાં કર્તવ્ય બજાવ્યે જાય છે છતાં લેપાતાં નથી, જેને સંસારની માયા પ્રત્યે ઉદાસિનતા પ્રાપ્ત થઇ છે એ તો યોગીઓનાં પણ નાથ છે.

૧૭૬. જેમ લક્ષાધિપતિ કોઈ એક જ દાવ લાગતાં થઇ જાય છે, તો કોઈ વેપાર કરતાં વર્ષે વર્ષે બચાવીને પણ ક્યારેક થાય છે. તેમ આપણી શક્તિ અનુસાર આત્મધ્યાન નિર્મળ બને, કર્મ પ્રવૃત્તિ કર્મલેપ ઉતારવા પરમાર્થે થતી હોય. આસક્તિ ઘટી હોય તો કયારેક પણ મુકિતના સ્વામિ બનશું. કોઇકોઇ મહાત્મા પુરુષો શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવીને પણ મુક્તિ પ્રાપ્ત કરી જાય છે, પણ એમ બનવું સ્હેલું નથી. એવી તકનાં ભરોસે રહી અમૂલ્ય સમય ખોઇ નખાય નહિ.

૧૭૭. અશુદ્ધ આત્મભાવને શુદ્ધ કરવા માટે અશુભ પ્રવૃત્તિઓ ત્યાગી, પરમાર્થી અને પરોપકારી બનવું, દયા, ક્ષમા, કરૂણા પ્રેમ આદી શુભભાવોનું પોષણ કરવું. અને એ શુભમાંથી કોઇ દિવસ એવો યોગ બનતાં શુદ્ધ થતાં વાર નહિં લાગે.

૧૭૮. વિતરાગપ્રણિત ધર્મ તે સંસારરૂપ સમુદ્ર તરવાનું વહાણ છે. સદ્ગુરૂ તે વહાણનાં

For Private And Personal Use Only

# વાસુદેવ બલદેવના ૨૨ દ્વારોનું વર્ણન

પહેલા ત્રિપૃષ્ટ વાસુદેવ ૧ અચલ બલદેવ, ૨ વાસુ. સાતમા દેવલોકથી ચવીને ઉપના, ૩ બલ. અનુત્તરવિમાનથી ચવીને ઉપના, ૪ પોતનપુરનગર, ૫ પ્રજાપતિરાજાપિતા,૬ વાસુ. ની માતા મૃગાવતી, ૭ બલ. ની માતા ભદ્રા, ૮ વાસુ. નું આયુષ્ય ૮૪ લાખ વર્ષનું, ૯ બલનું આયુષ્ય ૮૫ લાખ વર્ષનું, ૧૦ એંસી ધનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વાસુ. નીલવર્ણ, ૧૩ બલ. શ્વેતવર્ણે, ૧૪ સંભુતિ નામના પુર્વભવના [1]ધર્માચાર્ય, ૧૫ પચીસ હજાર વર્ષ કુંવર, ૧૬ પચીસ હજાર વર્ષ મંડલિક, ૧૭ એક હજાર વર્ષ દેશસાધના, ૧૮ એક હજાર વર્ષ ન્યુન, ૩ાા લાખ વર્ષ રાજ્ય, ૧૯ વાસુ. સાતમી નરકે ગયા, ૨૦ બલ. મુક્તે ગયા, ૨૧ શ્રેયાંસનાથના તીર્થમાં થયા.

૨. બીજા દ્વિપૃષ્ટ વાસુ. ૧ વિજયબળ, ૨ વાસુ. દશમા દેવલોકથી, ૩ બલ. અનુત્તર વિમાનથી, ૪ દ્વારીકા નગરી, ૫ બ્રહ્મરાજા પિતા, ૬ વાસુ. ની માતા ઉમારાણી ૭ બલ, ની માતા સુભદ્રા, ૮ વાસુ નું આયુષ્ય ૭૨ લાખ વર્ષનું, ૯ બલ. નું આયુષ્ય ૭૫ લાખ વર્ષનું, ૧૦ સિત્તેર ધનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વાસુ. નિલવર્ણે, ૧૩ બલ. શ્વેતવર્ણ, ૧૪ સુભક્તિ પુર્વના [1]ધર્માચાર્ય, ૧૫ પચીસ હજાર વર્ષ કુંવર, ૧૬ પચીસ હજાર વર્ષ મંડલિક, ૧૭ એકસો વર્ષ દેશ સાધના, ૧૮ એકસો વર્ષ ઓછા સાડા એકોતેર લાખ વર્ષ રાજ્ય, ૧૯ વાસુ. છઠ્ઠી નરકે ગયા, ૨૦ બલ. મુક્તે ગયા, ૨૧ વાસુપુજ્ય સ્વામીના તીર્થમાં ગયા.

---

૧. આ ધર્માચાર્ય (પુર્વભવના) વાસુદેવના જાણવા. પુર્વભવે ચારિત્ર પાળી નિયાણું કરનાર વાસુદેવ થાય છે. બળદેવ અનિયાણકૃત હોય છે જેથી વાસુદેવ નરકે જાય છે ને બળદેવની ૨ સદ્દગતી થાય છે. કુમારાદિ કાલ વાસુદેવની અપેક્ષાએ જાણવું. બન્નેનો પ્રેમ અત્યંત હોય છે. બલદેવ મોટા હોય છે.

---

કસાન છે અને આપણે તેનાં મુસાફર છીએ. આપણું લક્ષ્ય કે ધ્યેય મુક્તિપુરી પહોંચવાનું છે. દેવ, ગુરૂ, ધર્મ સાધન છે અને આપણે તેનાં સાધક છીએ. જેમ કેપ્ટનની આજ્ઞાનુસાર જળમાં સ્ટિમર ચલાવી ઇચ્છિત સ્થાને પોંચે છે તેમ ગુરૂઆજ્ઞા મુજબ વર્તવાથી ઇચ્છિત એવી મૂક્તિપુરીએ જરૂર પહોંચી શકીએ.

૧૭૯. મન અને ઇન્દ્રિયો આપણી માલિક નથી; આપણે તેનાં માલિક છીએ એવી આત્મભાવના દ્રઢ કરી મન કે ઇન્દ્રિયો પરભાવમાં વિષયોમાં ખેંચાય કે તુરત તેને રોકવી અને મનને એમાંથી પાછું વાળવું. જો મનની ઇચ્છા મુજબ ઇન્દ્રિયોને છુટી મુકી દીધી તો એ ધર્મનાવને ડૂબાડતા વાર નહિ લગાડે. ઉપયોગ ચૂકવો નહિં. નહિતર મન ફસાવ્યા વગર રહેશે નહીં. મોટા મુનિવરોને પણ એ હંફાવે છે.

૧૮૦. પરમ ઉપકારી અરિહંત પરમાત્માએ આપણાં કલ્યાણને માટે પોતાનાં વિદ્યમાનપણામાં આપણાં અકથ્ય દુઃખો જ્ઞાનમાં જોઇ નિષ્કામ કરૂણાએ કરી આપણાં ઉપર મહાન ઉપકાર કરી આપણને એ દુઃખમાં ડૂબતાં બચાવવાં માટે ધર્મરૂપી હોડી મુકી છે, આગમરૂપ દીવાદાંડી મૂકી છે, તેનાં આશ્રયે આ દુઃખમય સંસારને તરી જાઓ. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા સ્વયંભુ વાસુ. ૧ ભદ્રબલ, ૨ વાસુ. બારમા દેવલોકથી, ૩ બલ. અનુત્તર, ૪ દ્વારીકા નગરી, ૫ રૂદ્ર રાજાપિતા, ૬ વાસુ. ની માતા પૃથ્વી, ૭ બલ૦ ની માતા સુપ્રભા, ૮ વાસુ. નું આયુષ્ય ૬૦ લાખ વર્ષનું, ૯ બલદેવનું આયુષ્ય ૬૫ લાખ વર્ષનું, ૧૦ સાઠ ધનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વાસુ. નિલેવર્ણે ૧૩, બલ. શ્વેતવર્ણે, ૧૪ સુદર્શન નામના પૂર્વભવના ધર્માચાર્ય, ૧૫ બાર હજાર વર્ષ કુંવર, ૧૬ બાર હજાર વર્ષ મંડલિક, ૧૭ નેવું વર્ષ દેશસાધના ૧૮ ઓગણુ સાઠ લાખ પંચોતેર હજાર નવસો દસ વર્ષ રાજ્ય, ૧૯ વાસુ. છઠ્ઠી નરકે ગયા, ૨૦ બલદેવ મુકતે ગયા, ૨૧ વિમલનાથ તીર્થમાં થયા.

૪. ચોથા પુરૂષોતમ વાસુ૦ ૧. સુપ્રભ બલ. ૨ વાસુ. ને બલ, બન્ને આઠમા દેવથી ચવી આવ્યા, ૩–૪ દ્વારીકા નગરી, ૫ સોમરાજા પિતા, ૬ વાસુની માતા સીતા, ૭ બલ.ની માતા સુદર્શના, ૮ વાસુ.નું ત્રીશ લાખ વર્ષનું આયુષ્ય,૯ બલ.નું પંચાવન લાખ વર્ષનું આયુષ્ય, ૧૦ પચાસ ધનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વાસુ. નિલેવર્ણે, ૧૩ બલ. શ્વેતવર્ણે, ૧૪ શ્રેયાંસ પૂર્વ ધર્માચાર્ય, ૧૫ સાતસો વર્ષ કુંવર, ૧૬ તેરસો વર્ષ મંડલિક, ૧૭ એંશી વર્ષ દેશસાધના, ૧૮ ઓગણત્રીસ લાખ સત્તાણુ હજાર નવસોને વીશ વર્ષ રાજ્ય, ૧૯ વાસુ. છઠ્ઠી નરકે ગયા, ૨૦ બલ. મુકતે ગયા, ૨૧ અનંતનાથના તીર્થમાં ગયા.

૫. પાંચમા પુરૂષ સિંહ વાસુ. ૧ સુદર્શન બલ. ૨ વાસુઈશાન દેવલોક, ૩ બલ. આઠમાદેવ, ૪ અશ્વપુરી નગરી, ૫ શિવરાજા પિતા, ૬ વાસુ. ની માતા ઉમયા. ૭ બલ. ની માતા વિજયા, ૮ વાસુ. નુ દશ લાખ વર્ષનું આયુષ્ય, ૯ બલ.નુ સત્તર લાખ વર્ષનું આયુષ્ય, ૧૦ પિસ્તાલીશ મનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વાસુ. નિલ વર્ણે, ૧૩ બલ. શ્વેત વર્ણે, ૧૪ કૃષ્ણ નામના પુર્વ.ધર્માચાર્ય, ૧૫ ત્રણસો વર્ષ કુંવર, ૧૬ સાડાબારસો વર્ષ મંડલિક, ૧૭ સિત્તેર વર્ષ દેશસાધના, ૧૮ નવ લાખ અઠાણુ હજાર ત્રણસો એંશી વર્ષ રાજ્ય, ૧૯ વાસુ.છઠ્ઠી નરકે, ૨૦ બલ.મુકતે, ૨૧ ધર્મનાથના તીર્થમાં થયા.

૬. છઠ્ઠા પુરૂષ પુંડરિક વાસુ. ૧ આનંદબલ, ૨ વાસુ. ચોથાદેવ, ૩ બલ. આઠમા દેવ, ૪ ચક્રપુરનગર, ૫ મહાશિવરાજા પિતા, ૬ વાસુ.ની માતા લક્ષ્મી, ૭ બલ.ની માતા વિજયંતી, ૮ વાસુ.નુ આયુષ્ય ૬૫ હજાર વર્ષનું, ૯ બલ.નું ૮૫ હજાર વર્ષ, ૧૦ ઓગણત્રીશ ધનુ. દેહમાન, ૧૧ વાસુ. નીલ વર્ણે, ૧૨ બલ. શ્વેતવર્ણે. ૧૩ ગૌતમગોત્ર, ૧૪ પુર્વ ધર્માચાર્ય ભંગદત્ત, ૧૫ અઢી સોવર્ષ કુંવર, ૧૬ અઢીસોવર્ષ મંડલિક, ૧૭ સાઠ વર્ષ દેશસાધના, ૧૮ ચોસઠ હજાર ચારસો ચાલીસ વર્ષ રાજ્ય, ૧૯ વાસુ. છઠ્ઠીનરકે, ૨૦ બલ. મોક્ષે, ૨૧ શ્રી અરનાથપ્રભુના તીર્થમાં ગયા.

૭. દત્તવાસુ૦ ૧. નંદનબલ, ૨ વાસુ. સૌધર્મદેવ, ૩ બલ. પાંચમા દેવ, ૪ વાણારસીનગરી, ૫ અગ્નિસિંહરાજા પિતા, ૬ વાસુ. ની માતા શેષવતી, ૭ બલ. ની માતા જયંતી, ૮ [1]છવીશ ધનુષ્યનું દેહમાન, ૯ વાસુ. નું આયુષ્ય ૫૬ હજારવર્ષ, ૧૦ બલ. નું આયુષ્ય ૬૫ હજારવર્ષ, ૧૧ ગૌતમગોત્ર ૧૨ વા. ની. વ. ૧૩ બ. શ્વે. વ, ૧૪ પુર્વ ધર્માચાર્યસાગર, ૧૫ નવસો. વ. કુંવર, ૧૬ પચાસ વ. મંડલિક, ૧૭ પચાસ વ.

૧. દત્તવાસુ. નું દેહમાન પાંત્રીશ ધનુષ્યનું સમવાયંગમાં કહેલ છે પણ તે ઘટી શકતું નથી. આવશ્યકાદિ ઘણા ગ્રંથોમાં ૨૬ ધનુષ્યનું કહેલ છે. અને તે અરનાથ તથા મલ્લિનાથના આંતરામાં થએલ હોવાથી એટલું જ ઘટી શકે માટે સુત્રકારનું આશય બહુશ્રુત ગમ્ય છે.

For Private And Personal Use Only

# નિદ્રા

નિદ્રા એટલે ઉંઘ. તેનો વિસ્તૃત અર્થ તે કલાકોના થાકને ટાળવા લેવાતો આરામ.

નિદ્રાના બે પ્રકાર. અલ્પકાલીન અને દીર્ઘ-કાલીન. અલ્પકાલીન નિદ્રા તે આપણી રોજની ગણાય, દીર્ઘકાલિન તે વર્ષોના પરિશ્રમને ટાળવા લેવાય તે.

નિદ્રા પહેલાંનો સમય તે જાગૃતિનો સુંદર સમય ગણાય. નિદ્રા પછીના સમયને નવસર્જ-નની સોનેરી ઘડી લેખાય. ઊંઘીને જાગવું એટલે અજ્ઞાન દશામાંથી ઊગરી સત્ત્વમય પંથે પ્રયાણ આદરવું, તે અને તેમાંય દીર્ઘકાલિન નિદ્રા પછીની જાગૃતિ તો મહાન અર્થસૂચક ગણાય. તે નૂતન જાગૃતિની પ્રત્યેક પળેપળનું મૂલ્ય આપણી અસંખ્ય જન્મોની એક એક જન્મદશાના મૂલ્ય જેટલું હોવું જોઈએ.

આપણે સર્વે નૂતન જાગૃતિની પળોમાં જીવી રહ્યા છીએ તો શું આપણે આપણા જીવ-નની પ્રત્યેક પળ દરમ્યાન મુક્તિના મનહર મંદિર પ્રતિ પ્રયાણ આદરી શકાય તેવી રીતે આપણું વર્તન રાખવું જોઈએ કે નહિ ? શું

---

દેશસાધના, ૧૮ ૫૬ હ. વ. રાજ્ય, ૧૯ વાસુ. પાંચમી નરકે, ૨૦ બલ. મુક્તે, ૨૧ શ્રી અર-નાથના તીર્થમાં ગયા.

૮ લક્ષ્મણ વાસુ. ૧ પદ્મ ( રામચંદ્ર ) બલ-દેવ, ૨ વાસુ. ત્રીજાદેવ, ૩ બલ. પાંચમાદેવ, ૪ અયોધ્યાનગરી, ૫ દશરથરાજા પિતા, ૬ વાસુ. ની માતા સુમિત્રા, ૭ બલ. ની માતા અપરા-જીતા ( કૌશલ્યા ), ૮ વાસુ. આયુષ્ય ૧૨ હજારવર્ષ, ૯ બલ. નું આયુષ્ય ૧૫ હ. વ. નું, ૧૦ સોલ ધનુષ્યનું દેહમાન, ૧૧ ગૌતમ-ગોત્ર, ૧૨ વા. ની વ, ૧૩ બ. શ્વે. વ. ૧૪ પુર્વ ધર્માચાર્ય સમુદ્રદત્ત, ૧૫ એકસો. વ. કુંવર, ૧૬ ત્રીસ. વ. મંડલિક, ૧૭ અગ્યાર હજાર આઠસો સિત્તેર વ. રાજ્ય, ૧૮ વાસુ. ચોથી નરકે, ૧૯ બલ. મોક્ષે, ૨૦ મુનીસુવ્રતજીના તીર્થમાં થયા.

નવમા કૃષ્ણ વાસુ. ૧ રામબલ, ૨ વાસુ. સાતમા દેવ, ૩ બલ. પાંચમા દેવ, ૪ [1]મથુરા-નગરીમાં ઉપના, ૫ વસુદેવજી પિતા, ૬ વાસુ.ની દેવકીમાતા, ૭ બલ.ની રોહિણીમાતા, ૮ વાસુ.નું આયુષ્ય એક હજાર વ., ૯ બલ.નું આયુષ્ય બારસો વ.નું, ૧૦ ધનુ. દશનું દેહ-માન, ૧૧ ગૌતમગોત્ર, ૧૨ વા. ની. વ., ૧૩ બ. શ્વે. વ. ૧૪ પૂર્વધર્માચાર્ય દુરંતસેન, ૧૫ સોલ. વ. કુંવર, ૧૬ છપન વ. મંડલિક, ૧૭ [2]નવસો અઠ્ઠાવીસ વ. રાજ્ય, ૧૮ વાસુ. ત્રીજી નરકે, ૧૯ બલ. પાંચમે દેવ, ૨૦ શ્રી નેમનાથના સમયમાં થયા.

---

૧. મથુરાનગરીમાં કંસને ત્યાં વા. જન્મ્યા, વૃદ્ધિ ગોકુળગામમાં પામ્યા, રાજ્ય દ્વારીકામાં કર્યું અને કૌશંબી અટવીમાં મૃત્યુ થયું એ વિચિત્રતા થઇ. બલદેવજીનું જન્મ તો સૌરીપુરમાં થયું છે કારણ કે જાદવો મૂળ સૌરીપુરના છે.

૨. આઠમા તથા નવમા વાસુદેવની દેશસાધનાનો કાળ થોડો છે તે રાજ્યકાળમાં અંતર્ગત જાણવો જુદો બતાવેલ નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે આપણી આ નૂતન જાગૃતિની પળોને કેવળ રંગરાગવડે રંગી દેવી જોઇએ? આપણી જાગૃતિવડે આજે આપણે ઊંઘેલાને જગાડવા જોઇએ.

નિદ્રા-જાગૃતિને ખીલવવાના એક અમોઘ ઔષધનું કામ કરે છે. અમૂલ્ય ઔષધને જેમ આપણે વિધિસર ઉપયોગમાં લઇએ છીએ તેમ આપણે આપણી રોજની નિદ્રાનો વિધિપૂર્વક ઉપયોગ આદરવો જોઇએ. કોઇપણ નાની કે મોટી વસ્તુનો અવિધિસરનો ઉપયોગ મોટું નુકસાન કરે છે.

ખૂબ ઊંડી નિદ્રા લેવાથી જાગવાની પળ દરમ્યાન આપણને એમ જ લાગે કે "હું કોઇ બીજી દુનિયામાં છું." નિદ્રા એવી રીતે લેવી કે તે વડે આપણી જાગૃતિમાં જોમ આવે અને નવા પ્રભાતે આપણે બેવડા બળપૂર્વક કામ આગળ શરૂ કરી શકીએ.

આપણી રોજની નિદ્રાના આખા સરવાળાનો જે સાર આવે છે તે સાર દીર્ઘકાલીન નિદ્રાના સમયે અને તે બાદના આપણા નૂતન જાગૃતિના સમયે દૃષ્ટિગોચર થાય છે, માટે રોજની નિદ્રાને એવી બનાવો કે દીર્ઘકાલીન નિદ્રાને અંતે મળતી જાગૃતિની પળો દરમ્યાન કોઇ અનેરૂં જ કાર્ય આદરી શકાય અને જીવન ધન્ય ધન્ય બની જાય.

"**મંગલ**"માંથી સાભાર **વર્ષ ૨, અંક ૪**

# મનનીય

સાહિત્ય ને સમાજસુધારો, કલા અને શિક્ષણ, સમાનતા ને માનવતા, સીનેમા અને સહનશીલતા (અલબત્ત-પારકા હાથનો માર ખાતાં) એ જ વર્તુલની આસપાસ આજે હિંદનું પ્રજાબળ ફર્યા કરે છે. પોતે જે માર્ગે જાય છે એ સુધારાનો છે કે સત્યાનાશનો એનો વિચાર કરવાનો એને અવકાશ પણ નથી રહેતો. વેશ્યા કે ભિખારણના જીવન પર એક સુંદર નવલકથા લખી નાંખતો સાહિત્યકાર એ સમજવાની દરકાર પણ નથી કરતો કે પોતે ચારિત્રશીલ ન બની શકતો હોય, દરિદ્રોના ચરણે પોતાનું સર્વસ્વ ધરી ન દઇ શકતો હોય તો પોતાના સ્વાર્થ, કીર્તિ અને દ્રવ્યને ખાતર એ ભિખારણ અને વેશ્યાનો દલાલ બન્યો છે. યુવતીના ખુલ્લા અંગનાં ચિત્ર પ્રત્યે લોકોની આંખ આકર્ષાતાં પોતાની કલાકૃતિઓ વધારે ખપશે એમ માનનાર કલાકારે એ ભૂલી ન જવું જોઇએ કે એમ કરીને એ દ્રવ્યને ખાતર પોતાના અંગ ખુલ્લાં કરતી યુવતી કે ગણિકા કરતાં પણ વધારે પાપી બને છે, કેમકે ગણિકા સ્વાર્થને ખાતર પોતાનાં જ અંગનો ઉપયોગ કરે છે, કલાકાર પારકા અંગનો ઉપયોગ કરે છે.

કલા, સાહિત્ય કે શિક્ષણની દેવી સરસ્વતી છે. એ જ્યાં સુધી પવિત્ર કે કુમારી હોય ત્યાં સુધી જ એની કિંમત છે. એનો ઉપયોગ જ્યારે વ્યક્તિગત સ્વાર્થ કે દ્વેષને ખાતર થવા માંડે છે ત્યારે એનું સ્વરૂપ સ્વાર્થને ખાતર હોમાયલી કન્યા સરખું બને છે. એ સ્થિતિમાં લેખક કે કલાકાર કેવળ પુત્રી વિક્રેતા જ નહિ, પુત્રીની પવિત્રતાના વેચાણ પર નભતો ભાડુતી બાપ બને છે.

"**મંગલ**" માંથી સાભાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

卐

[ પુ. ૪૧ મું. ]

[ સં. ૧૯૯૯ ના શ્રાવણથી સં. ૨૦૦૦ ના અષાડ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષ પ્રવેશાભિનંદન | ( મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧ |
| ૨. | **नूतन वर्षाभिनंदन** | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨ |
| ૩. | **नूतन वर्षनु मंगलमय विधान** | ( સભા ) | ૪ |
| ૪. | આત્માનંદ પ્રકાશ | ( અમરચંદ માવજી શાહ ) | ૯ |
| ૫. | વિકાસનું કીરણ | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૦ |
| ૬. | સાચા સુખનો માર્ગ | ( મુ. ન્યાયવિજયજી મહારાજ ) | ૧૨ |
| ૭. | **परतत्त्व** The Ultimate Real **परमात्मतत्त्व** The Perfect Selfhood | ( જીવરાજભાઇ ઓધવજી દોશી ) B. A. LL. B. | ૧૫ |
| ૮. | **समयं मा पमाए** | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૮, ૧૦૧, ૧૧૯, ૧૩૮, ૧૫૭, ૧૭૮, ૨૩૯ |
| ૯. | **आत्मनः प्रतिकूलानी परेषां न समाचरेत्** | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) B. A. LL. B. | ૨૦ |
| ૧૦. | વર્તમાન સમાચાર | | ૨૩, ૬૨, ૮૪, ૧૨૩, ૧૪૪, ૧૬૩, ૧૮૪, ૨૦૨, ૨૨૫ |
| ૧૧. | શ્રી નેમીનાથ સ્તવન | ( મુનિ દક્ષવિજયજી મહારાજ ) | ૨૫ |
| ૧૨. | **पर्वाधिराज ! पधारो पधारो** | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૬ |
| ૧૩. | સાચી ક્ષમા | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૨૭ |
| ૧૪. | જૈન દષ્ટિની મહત્તા | ( મુનિ પુણ્યવિજયજી–સંવિગ્ન પાક્ષિક ) | ૨૮ |
| ૧૫. | મુક્તિના સાધન | ... ... ... ... | ૩૧ |
| ૧૬. | આપણી ધાર્મિક સંસ્કૃતિ | ( જીવરાજભાઇ ઓધવજી દોશી B. A. LL. B. ) | ૩૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૭. | શ્રી સિદ્ધસ્તોત્ર | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મ્હેતા ) M. B. B. S. | ૩૪, ૧૯૯ |
| ૧૮. | જીવન વિકાસ | ( ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ ) B. A. LL. B. | ૩૬ |
| ૧૯. | અહિંસાની અદ્‌ભુત શક્તિ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૪૧, ૮૦ |
| ૨૦. | શ્રી આદિનાથપ્રભુ ચરિત્ર ( ભાષાંતર ) માટે મળેલા અભિપ્રાયો | | ૪૪, ૬૪, ૧૦૪ |
| ૨૧. | શ્રી મહાવીર જિન સ્તવન | ( મુ. યશોભદ્રવિજયજી મહારાજ ) | ૪૫ |
| ૨૨. | ગુરુશ્રી વલ્લભસૂરિ | ( મુ. વિનયવિજયજી મહારાજ ) | ૪૬ |
| ૨૩. | મમતાની કુંચી | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૪૭ |
| ૨૪. | **सेवाधर्मः परमगहनो योगिनामपि अगम्यः** | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) B. A. LL. B. | ૫૦, ૭૨, ૭૩ |
| ૨૫. | સન્માન સમારંભ | | ૫૩ |
| ૨૬. | શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનો ૪૬મા વર્ષનો વાર્ષિક રિપોર્ટ. | | ત્રીજા અંકની પાછળ |
| ૨૭. | દિવાળી સ્તવન | ( મુ. લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૬૫ |
| ૨૮. | ' જીવાડો યા જીવવા દો અને જીવો ' | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૬૬ |
| ૨૯. | મહારાજા વિક્રમાદિત્ય | ( મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૭૦ |
| ૩૦. | મંગલ દીપક ( મંગળ દીવો ) | ( સંઘવી કેશવલાલ નાગજીભાઇ ) | ૭૨ |
| ૩૧. | **सत्यासत्य गवेषणा** | ( જીવરાજભાઇ ઓધવજી દોશી B. A. LL. B.) | ૭૬, ૯૩ |
| ૩૨. | પ્રભુ ભજન | ( સુયશ ) | ૮૫ |
| ૩૩. | શાસન સુધાકરને | ( મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૮૬ |
| ૩૪. | સંસારનું મૂળ | ( આ. શ્રી કવિજયસ્તુરસૂરિજી મહારાજ ) | ૮૭ |
| ૩૫. | **सिंहान्योक्ति** | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૮૮, ૧૪૬ |
| ૩૬. | નંદન મણિયાર | (મુ. પુણ્યવિજયજી મહારાજ-સંવિગ્ન પાક્ષિક) | ૮૯, ૧૦૯ |
| ૩૭. | આંતર દર્શન | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ B. A. LL. B. ) | ૯૭ |
| ૩૮. | ધર્મ | ( અમરચંદ માવજી શાહ ) | ૧૦૨ |
| ૩૯. | અમર આત્મમંથન | ,, | ૧૦૩, ૧૨૨, ૧૪૨, ૧૬૦, ૨૨૦, ૨૪૧ |
| ૪૦. | **मंगल स्तुति** | ( આત્મ વલ્લભ ) | ૧૦૫ |
| ૪૧. | ખરેખર વાંક તેનો છે | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૦૬ |
| ૪૨. | સાચો પ્રકાશ | ,, | ૧૦૭ |
| ૪૩. | સમભાવ | ( અમરચંદ માવજી શાહ ) | ૧૦૮ |
| ૪૪. | આ. શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વર સ્તુતિ. | ( ઝવેરચંદ છગનલાલ ) | ૧૧૨ |
| ૪૫. | **श्री अनेकान्त व्यवस्था प्रकरणम् ।** | ( જીવરાજ ઓધવજી દોશી ) B. A. L L. B. | ૧૧૩, ૧૩૨ |
| ૪૬. | શ્રદ્ધા | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ B. A. L L. B. ) | ૧૧૬, ૧૩૪, ૧૫૪ |
| ૪૭. | શ્રી વિમળનાથ જિન સ્તવન | ( મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૨૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪૮. | સંયોગ વિયોગ સુખદ નથી | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૨૭ |
| ૪૯. | આત્મદ્રવ્યથી ભિન્ન પરચિંતન ત્યાગ | ( મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૧૨૯ |
| ૫૦. | કર્મ | ( અમરચંદ માવજી શાહ ) | ૧૩૭ |
| ૫૧. | ચંદ્રપ્રભુ સ્તવન | ( મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૪૫ |
| ૫૨. | નિરપરાધી બનો | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૪૭ |
| ૫૩. | સાધુજનો માટે વિવિક્ત સ્થાનની આવશ્યકતા | ( મુનિ પુણ્યવિજયજી મહારાજ ) | ૧૫૦ |
| ૫૪. | શાંતમૂર્તી તપસ્વી શ્રી વિવેકવિજયજી મહારાજનો સ્વર્ગવાસ | | ૧૬૪ |
| ૫૫. | શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિ યશોભદ્રવિજયજી ) | ૧૬૫ |
| ૫૬. | શ્રી મહાવીર જન્મોત્સવ | ( મુનિ હેમેન્દ્રસાગરજી ) | ૧૬૬ |
| ૫૭. | નિરાશામાં મુક્તિ | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૬૭ |
| ૫૮. | પરમાર્થ સૂચક વાકય સંગ્રહ | ( મુનિ પુણ્યવિજયજી ) | ૧૭૦ |
| ૫૯. | પ્રસન્નતા | ( અભ્યાસી ) | ૧૭૩ |
| ૬૦. | જૈન મુનિઓ ગુજરાતી સાહિત્યના આદ્ય સૃષ્ટાઓ છે | ( ડુંગરશી ધરમશી સંપટ ) | ૧૭૬ |
| ૬૧. | વિશ્વધર્મ બનવા યોગ્ય જૈન ધર્મ | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) બી. એ. એલ એલ. બી. | ૧૮૦, ૧૯૬ |
| ૬૨. | યુગવીર આચાર્યશ્રીનો બિકાનેરમાં પ્રવેશ મહોત્સવ | | ૧૮૨ |
| ૬૩. | યુવાનો કેમ ના જાગો | ( મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૮૫ |
| ૬૪. | જ્ઞાનની જ્યોતિ પ્રગટાવો | ( મુમુક્ષુ ) | ૧૮૬ |
| ૬૫. | નૂતન વર્ષે પ્રભુ પ્રાર્થના | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧૮૭ |
| ૬૬. | વિકાસના વિયોગીને આશ્વાસન | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૮૮ |
| ૬૭. | સાચો વિક્રમાદિત્ય | ( મુનિ હેમેન્દ્રસાગરજી ) | ૧૯૦ |
| ૬૮. | વિચાર શ્રેણી | ( વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૯૧, ૨૧૪, |
| ૬૯. | પરમાત્વસ્વરૂપને ઓળખો | ( લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૯૩ |
| ૭૦. | ભવસ્વરૂપનું ચિંતવન | ( મુનિ પુણ્યવિજયજી મહારાજ ) | ૧૯૪, ૨૩૫ |
| ૭૧. | શ્રી આત્માનંદ જૈન સભાનો વર્ષ ૪૭ માં વર્ષનો રિપોર્ટ | | ૧૦ મા અંકની પાછળ |
| ૭૨. | ,, ૪૮ મો વાર્ષિક મહોત્સવ | | ૨૦૯ |
| ૭૩. | ગુરૂદેવની જયંતી | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૨૧૦ |
| ૭૪. | પ્રતિમા | ( મુ. હેમેન્દ્રસાગરજી ) | ૨૧૨ |
| ૭૫. | વિજયવલ્લભસૂરિ સ્તુત્યાષ્ટક | ( સાહિત્યસૂરિ ) | ૨૧૩ |
| ૭૬. | શ્રમણોપાસક અંબડ પરિવ્રાજક | ( મુનિ પુણ્યવિજયજી ) | ૨૧૬ |
| ૭૭. | આ. શ્રી વિજયાનંદસૂરિશ્વરજી | ( મુનિ હેમેન્દ્રસાગરજી ) | ૨૧૮ |
| ૭૮. | જીવને શીખામણ | ( મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૧૯ |
| ૭૯. | ચીત્રપટ | ( મુનિ હેમેન્દ્રસાગરજી ) | ૨૨૩ |
| ૮૦. | શ્રી વાસુપૂજ્ય સ્તવન | ( મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૨૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૧. મયુરોન્યોક્તિ | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૨૩૦ |
| ૮૨. આત્મામમાંસા | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૨૩૧ |
| ૮૩. ભજન પદ | ( પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ ) | ૨૩૪ |
| ૮૪. ક્ષમાના ભંડાર | ( મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૩૭ |
| ૮૫. વાસુદેવ બલદેવના ૨૨ દ્વારોનું વર્ણન | ... ... ... | ૨૪૩ |
| ૮૬. નિદ્રા | ... ... ... | ૨૪૫ |
| ૮૭. માનનીય | ... ... ... | ૨૪૬ |
| ૮૮. વાર્ષિક અનુક્રમણિકા | ... ... ... | પાછળ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રીમાન દેવભદ્રાચાર્ય કૃત—

## તૈયાર છે! ॥ श्री कथारत्न कोष ॥ ( कहारयण कोसो ) તૈયાર છે!!

**શ્રાવણ શુદિ ૬ થી અગાઉ ગ્રાહક થયેલાને મોકલવામાં આવશે.**

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં ભરુચ નગરમાં રચેલો છે; તે તાડપત્રની પ્રાયઃ જીર્ણ થયેલ પ્રત **શ્રી ખંભાતના પ્રાચીન જૈન ભંડારમાં** માત્ર એક જ હતી, તેની બીજી, એકે પ્રત બીજા કોઈ પણ સ્થળે નથી. આવી ઘણી જ પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે **સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી તેમ બીજી પ્રત કોઈ સ્થળે નથી; એવા મહા મૂલ્યવાન જુદા જુદા **૫૦ જૈનધર્મના તત્ત્વ જ્ઞાન અને બીજા** જાણવા લાયક વિષયો ઉપર અનેક **અનુપમ કથારૂપી રત્ન ભંડાર** આ ગ્રંથમાં ભરેલ છે; જે વિષયો અને કથાઓ મોટે ભાગે ઘણીજ સરલ, સુંદર, ઉપદેશક અને આત્માને આનંદ ઉત્પન્ન કરે તેમ છે. શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. અંદર આવેલા વિષયો અને કથાઓ તદ્દન નવીન, અને બીલકુલ નહીં પ્રગટ થયેલી, અત્યંત આલ્હાદ ઉત્પન્ન કરે તેવી, તેમ જ નિરંતર પઠન પાઠન માટે અત્યંત ઉપયોગી છે. ફોર્મ ૬૬ **પાના ૮૦૦ આઠસેંહ** ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઈઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઈપથી **પ્રતાકારે** છપાવવામાં આવેલ છે, કાગળના આજે આઠ ગણા ભાવ વધેલા હોવાછતાં ગયા અંકમાં જણાવેલી છે તે કરતાં ઓછી કિંમત બ્લુ લેઝર પેપરની કોપીના રૂા. ૧૦–૦–૦ અને ઉંચા ટકાઉ ગ્લેઈઝ પેપરની કિંમત રૂા. ૮–૮–૦ ઓછી-મધ્યમ કરેલી છે. પોસ્ટેજ અલગ.

## શ્રી વાસુપૂજ્ય (પ્રભુ) ચરિત્ર (શ્રી વર્ધમાનસૂરિકૃત)

**આ ઉપદેશક ગ્રંથનું ભાષાંતર થાય છે તે પણ આ સભા તરફથી પ્રકટ થશે.**

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ** સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે. પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે કે, જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચતા મન લલચાય છે અને પુરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપરાંત સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે.

કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

## 'શ્રી મહાવીર (પ્રભુ) ચરિત્ર'

આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈપણ છપાયેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણકે કર્તા મહાપુરુષે આગમો વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે કે જેથી બીજા ગમે તેટલા વધું ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીર જીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ. જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી કરી ફરી છપાવતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. પાના ૫૨૦ છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ અલગ.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. સુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા ( ચરિત્ર ) | ૧–૦–૦ | ૬. સમરસિંહ ચરિત્ર ( સમરાશાહ ) શ્રી શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ... | ૦–૨–૦ |
| ૨. કુમારપાળ પ્રતિબોધ ... ... | ૩-૧૨-૦ | ૭. શ્રી કર્માશાહ ચરિત્ર શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ... | ૦–૪–૦ |
| ૩. જૈન નરરત્ન ભામાશાહ ... | ૨–૦–૦ | ૮. કલિંગનું યુદ્ધ યાને જૈન મહારાજા ખારવેલ ... | ૦-૧૨-૦ |
| ૪. પૃથ્વીકુમાર ચરિત્ર ... ... | ૧–૦–૦ | ૯. શ્રી વિજયાનંદસૂરિ ... ... | ૦–૮–૦ |
| ૫. પ્રભાવક ચરિત્ર ( બાવીશ પૂર્વાચાર્ય ભગવાનના ચરિત્ર )... | ૨–૮–૦ | | |

૧૦. શ્રી સુરસુંદરી ચરિત્ર. સરલ, સુંદર ઉપદેશક ખાસ વાંચવા લાયક ... ... ૧–૮–૦

દરેક ગ્રંથો પ્રભાવશાળી, મહાન નરરત્નોના ચરિત્રો ખાસ મનન કરવા જેવા, ઉપદેશક, સાદી અને સરલ ગુજરાતી ભાષામાં સુંદર ટાઈપ, આકર્ષક બાઈંડીંગ અને ઊંચા કાગળોમાં પ્રગટ થયેલા છે. પોસ્ટેજ જુદું.

### શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત–
## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા–સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક [illegible]ના કરેલ હોઈને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ અલગ.

## શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર ( શ્રી અમરચંદ્રસૂરિકૃત )

૧૦૩૦૨ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષામાં કાવ્યરૂપે અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રીમાન્ **અમરચંદ્રસૂરિજીએ** રચેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે. તેમાં આવેલ સર્વ પ્રકારના રસો, અલંકારો, શબ્દલાલિત્ય વગેરેથી રચના ઘણી જ સુંદર બની છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ગુજરાતી ભાષાંતર છે.

આ ગ્રંથમાં પ્રભુના તેર ભવો તથા યુગલિકો સંબંધી અપૂર્વ વર્ણન, આ ચોવીશીમાં શ્રી આદિનાથ પ્રભુ પ્રથમ તીર્થંકર થયેલ હોવાથી મનુષ્યોનો વ્યવહારધર્મ, શિલ્પકળા, લોકવ્યવહારનું નિરુપણ, નગરસ્થાપના, રાજ્યવ્યવસ્થા અને પ્રભુના સુરાજ્યનું વિવેચન, ઇંદ્રો વગેરેએ પ્રભુના પંચ કલ્યાણકના પ્રસંગોએ કરેલ અપૂર્વ ભક્તિપૂર્વક મહોત્સવોનું જાણવા યોગ્ય અનુપમ વૃત્તાંત, પ્રભુએ આપેલ ભવતારણી દેશના અને અનેક બોધપ્રદ કથાઓ વગેરે અનેક વિષયો ઘણા વિસ્તારપૂર્વક આવેલા છે.

સુમારે પચાસ ફોર્મ, ક્રાઉન આઠપેજી ચારસો પાનાંનો આ સુંદર દળદાર ગ્રંથ ઊંચા એન્ટિક પેપર ઉપર સુંદર ગુજરાતી અક્ષરો, પાકા કપડાના સુશોભિત બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે.

**કિંમત રૂા. ૫–૦–૦ પોસ્ટેજ અલગ.**

For Private And Personal Use Only